
VISIT…

LANZAROTE
Caliente.COM



♦જોડણી♦

આ ‘ઈ.બુક’માં એક જ ‘ઈ’–‘ઉ’ વાપર્યા છે.

August 10, 2018

●eBook : ‘Ang_Daan_thi_Navajivan’●

(Articles and Stories for awareness of Organ Donation)

♦‘અભીવ્યક્તી’ બ્લૉગ પર ‘અંગદાન’ અંગે પ્રગટ થયેલા લેખોની ઈ.બુક♦

●ઈ.બુક મુલ્ય : અંગદાનથી દરદીઓને નવજીવન મળે એ જ મુલ્ય●

♦સમ્પાદક♦

ગોવીન્દ મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

બ્લૉગ : https://govindmaru.wordpress.com/

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

અર્પણ

નવસારીની બાગાયત પોલીટૅકનીકના
માજી પ્રીન્સીપાલ, ઉત્તરાવસ્થામાં
અસ્પી બાગાયત –વ– વનીય મહાવીદ્યાલયમાંથી
નીવૃત્ત થયેલા પ્રૉફેસર



અંગદાતા નટવરભાઈ પટેલને

(તેમના 'અંગદાન' વીશે પેજ નં. 93 જુઓ)

અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ની નીચે ડાબી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકમીત્રોને વીનન્તી છે.



1

‘અંગદાન’થી નવજીવન

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ

રોનાલ્ડ લીનાએ પોતાના ભાઈને બચાવવા સન 1954માં સૌ પ્રથમ કીડનીનું દાન કર્યું હતું. ત્યારે ડૉ. જોસેફ મુરે અને તેમની ટીમે સૌ પ્રથમ કીડનીનું સફળ પ્રત્યારોપણ કર્યું હતું. આ અભુતપુર્વ ઘટનાએ અવયવોનાં પ્રત્યારોપણ માટેનાં દ્વાર ખોલી નાખ્યાં.

આમ છતાં, દર વર્ષે હજારો બ્રેઈન–ડેડ કે એક્સીડેન્ટના કારણે મૃત્યુ પામ્યા હોય તેવા મૃતદેહને સ્મશાન કે કબ્રસ્તાનમાં અનુક્રમે અગ્નીસંસ્કાર કે ભુમીસંસ્કાર કરવામાં આવે છે. તેમ કરવાથી મૃતકનાં અંગો રાખ થઈ જાય છે કે માટીમાં ભળી જાય છે. મૃત્યુની રાહ જોતા અને રીબાતા દરદીઓને સમયસર અવયવોનું પ્રત્યારોપણ કરવામાં આવે તો અનેક લોકોને નવજીવન આપી શકાય છે. દરેક વયસ્ક વ્યક્તી ‘અંગદાતા’ બની શકે છે તેમ જ મા–બાપની સમ્મતીથી બાળકનાં અંગોનું પણ દાન કરી શકાય છે. કોઈ પણ વ્યક્તી 100 વર્ષની વય સુધી : આંખ અને ત્વચા; 70 વર્ષ સુધી : કીડની અને લીવર, 50 વર્ષ સુધી : હૃદય અને ફેફસાં તથા 40 વર્ષની વય સુધી : હૃદયના વાલ્વનું દાન કરી શકે છે. કહેવાય છે કે– આપણે પોતાના ખાતર તો જીવીએ

છીએ; પણ મૃત્યુ પછી જો આપણાં અંગો બીજાના ઉપયોગમાં આવે તો તેનાથી રુડું બીજું કશું હોય શકે નહીં.

પશ્ચીમી દેશોની સરખામણીએ આપણા ભારત દેશમાં અંગદાન (Cadaver Organ Donation)ની બાબતમાં ભારે ઉદાસીનતા પ્રવર્તે છે, જેને માટે મોટે ભાગે ધાર્મીક માન્યતાઓ કારણરુપ છે. અંગદાન એટલે કુદરતે તમને જે આપ્યું છે તે, અહીંથી જતાં પહેલાં બીજા માણસને આપી, તેને નવજીવન બક્ષવાનું છે. કુદરતને રીસાઈકલ કરવી જોઈએ. અંગદાન કુદરતી છે, તેમાં ધર્મ, જ્ઞાતી–જાતી, ઉચ્ચતા–શુદ્રતા, અમીર–ગરીબના ભેદ વચ્ચે આવતા નથી. કારણ કે લોહીનો રંગ તો બધાનો લાલ જ હોય છે. મુસ્લીમનું હૃદય–કીડની હીન્દુને નવજીવન આપી શકે. માનવસેવા અને માનવજીવનને સમૃદ્ધ કરવાના સીદ્ધાન્તો દરેક ધર્મમાં છે. પ્રેમ, સેવા, માનવતા માટે દરેક ધર્મ ઉપદેશ આપે છે. અંગદાન નૈતીક છે, તેમાં કુદરત રીસાઈકલ (ફેરવપરાશ) થતી હોવાથી તે વૈજ્ઞાનીક પણ છે.

મીત્રો, સન 2011માં આ લખનારે ‘અંગદાન’ અને ‘દેહદાન’ કરવાનો સંકલ્પ કર્યો હતો. મારા ‘અંગદાતા કાર્ડ’, ‘દેહદાન’ની પહોંચ અને ‘અન્તીમ ઈચ્છાપત્ર (મરણોત્તર વીલ)’ https://govindmaru.wordpress.com/will/ થી મારો પરીવાર, સગાં–સમ્બન્ધી, સમાજ અને મીત્રો વાકેફ છે જ. મારા એક પારીવારીક સ્વજનનાં પત્નીની બન્ને કીડની બે વર્ષથી કામ કરતી નથી. તેઓ દવા, ઈન્જેક્શનો અને હૉસ્પીટલના ચકાવે ચઢી ગયાં છે. દીવસમાં ત્રણ વખત

ઘરમાં જ મારા સ્વજન તેમની ડાયાલીસીસની પ્રક્રીયા કરે છે. જો તે બહેનને સમયસર દાતા મળી જાય અને કીડનીનું સફળ પ્રત્યારોપણ થાય તો જ આ અસહ્ય વેદનામાંથી છુટકારો પામીને, તેઓ નવજીવન પ્રાપ્ત કરી શકે અને પરીવાર પણ તેમની વેદનાથી મુક્ત થઈ શકે તેમ છે.

વીશ્વભરમાં આવા તો અસંખ્ય રીબાતા દરદીઓને સમયસર અવયવોનું પ્રત્યારોપણ થાય તે માટે સક્રીય થવાનો મેં નીર્ણય કર્યો. આગામી 13 ઓગસ્ટના રોજ 'વર્લ્ડ ઓર્ગન ડોનેશન ડે' નીમીત્તે 'અંગદાન' અંગે લોકો રસ ધરાવતા થાય એવા ઉમદા આશયથી 'અભીવ્યક્તી' બ્લૉગ પર સાત લેખોની લેખમાળા દર સોમવારે શરુ કરી તેના 10 લેખ થઈ ગયા. લેખમાળા પ્રગટ થતી ગઈ તેમતેમ વાચકમીત્રોએ તેને આવકારી, 'અંગદાન' કરવાની ઈચ્છા વ્યક્ત કરી એટલું જ નહીં 13 ઓગસ્ટ પછી આ લેખમાળા ચાલુ રાખવા વીનન્તીઓ આવી.

લેખમાળા શરુ કરવા અને તેની ઈ.બુક બનાવવાના મારા આ નીર્ણયમાં સાથ આપનાર કેનેડાસ્થીત લેખકમીત્ર જનાબ કાસીમ અબ્બાસ, મુમ્બઈસ્થીત 'મીડ–ડે' દૈનીકના લેખીકા બહેનો જીગીષા જૈન, શર્મીષ્ઠા શાહ, હેતા ભુષણ, અલ્પા નીર્મલ તે મજ લેખકમીત્ર જયેશ શાહ, રોહીત પરીખ હું હાર્દીક આભાર માનું છું. મારા સ્વજનથીયે વીશેષ અને મને માર્ગદર્શન આપવા બદલ માનનીય રમેશભાઈ સવાણીસાહેબ (IPS) અને ઉત્તમભાઈ ગજ્જરનો તરફથી હું સાદર આભાર માનું છું. મુમ્બઈનું દૈનીક 'મીડ–ડે', કેનેડાનું સાપ્તાહીક

'સ્વદેશ' અને 'ડોનેટ લાઈફ' સુરત અને તેના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલાનો પણ તહેદીલથી આભાર માનું છું.

'મણી મારુ પ્રકાશન' દ્વારા તૈયાર થયેલ ઈ.બુક 'અંગદાનથી જીવનદાન' પ્રકાશીત કરતા મને આનન્દ થાય છે. આ ઈ.બુકને ઉષ્માપુર્ણ આવકાર મળશે એવો વીશ્વાસ વ્યક્ત કરું છું. વધુને વધુ વાચકમીત્રો 'અંગદાન' કરવાનો નીર્ણય કરશે તો લોકજાગૃતીનો મારો આ પ્રયાસ સાર્થક થશે.



ગોવીન્દ મારુ
સેલફોન : 95378 80066
405, સરગમ એપાર્ટમેન્ટ, કાશી બાગ,
નવસારી કૃષી યુનીવર્સીટી સામે, વીજલપોર.
પોસ્ટ : એરુ એ. સી. – 396450 જીલ્લો : નવસારી.
ઈ.મેઈલ : govindmaru@gmail.com
બ્લોગ : http://govindmaru.wordpress.com/



2

‘અંગદાન’નો નીર્ણય કેટલો અઘરો?

અનુક્રમણીકા

–જીગીષા જૈન

“સ્વજનનાં પાછા આવવાની પાંગળી આશા, ડૉક્ટર્સ પરનો અવીશ્વાસ અને જાતજાતની આશંકાઓમાં ઘેરાયેલો પરીવાર, પોતાનું દુઃખ ભુલી, બીજાને નવજીવન બક્ષવા માટે અંગદાનનો નીર્ણય લે છે. આ નીર્ણય લેવો બીલકુલ સહેલો હોતો નથી. જેમણે આ અઘરો નીર્ણય લેવાની હીમ્મત દાખવી છે એવા લોકોને આજે મળીએ. આ નીર્ણય લેવામાં આપણને મદદ કરી શકે એવી અમુક જરુરી વાતો નીષ્ણાત પાસેથી પણ જાણીએ.”

‘અંગદાન’નું મહત્ત્વ દરેક નાગરીકને સમજાય અને દરેક નાગરીક આ માટે પ્રતીબદ્ધ થાય એ માટે 13 ઓગસ્ટને ‘ઑર્ગન ડોનેશન ડે’ તરીકે ઉજવવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તીનું કોઈ અંગ નબળું હોય કે વ્યવસ્થીત કામ ન આપતું હોય, ત્યારે તેને કોઈ બીજી વ્યક્તીના સ્વસ્થ અંગ સાથે બદલીએ એટલે કે ટ્રાન્સપ્લાન્ટ કરીએ તો

એ વ્યક્તીને નવું જીવન મળે છે, નહીંતર આંખ અને ચામડી સીવાયનાં જેટલાં પણ અંગો છે એ ખરાબ થઈ જાય તો માણસ જીવી શકતો નથી. ‘અંગદાન’ અન્તર્ગત જેની બહોળા અર્થમાં જરુર પડે છે એવાં અંગો છે– આંખ, હૃદય, કીડની, લીવર અને ચામડી. આ સીવાયનાં પણ અમુક અંગો છે જેનું ટ્રાન્સપ્લાન્ટ શક્ય છે; પરન્તુ મુખ્ય અંગો આ જ છે જેમાંથી કીડની અને લીવર જીવતી વ્યક્તી પણ દાનમાં આપી શકે છે; પરન્તુ તે વ્યક્તી એ દરદીની સમ્બન્ધી હોવી જરુરી છે. કોઈ અજાણી જીવીત વ્યક્તી દરદીને કીડની–લીવર ન આપી શકે. મૃત્યુપર્યંત કોઈ પણ વ્યક્તી અજાણી હોવા છતાં જરુરતમન્દ દરદીને દાન આપી શકે છે; પરન્તુ અંગદાન સાથે એક બીજી બાબત પણ એ જોડાયેલી છે કે દરેક વ્યક્તી બધાં જ અંગોનું દાન કરી શકતી નથી. જો કોઈ વ્યક્તીનું સામાન્ય સંજોગોમાં મૃત્યુ થાય તો તે આંખ અને ચામડી દાન કરી શકે છે; પરન્તુ જે વ્યક્તી હાર્ટ, લીવર અને કીડની દાન કરવા માગતી હોય એ ત્યારે જ શક્ય છે, જ્યારે તે બ્રેઈન–ડેડ થઈ હોય.

સ્વજન જ્યારે હૉસ્પીટલમાં હોય, તે બ્રેઈન–ડેડ ઘોષીત થયું હોય ત્યારે એવા કેટલા લોકો છે જે અંગદાનનો નીર્ણય લઈ શકે છે? આ નીર્ણય જેટલો દેખાય છે એટલો લેવામાં સહેલો નથી. સ્વજન મરી રહ્યું છે ત્યારે તમે ઈમોશનલી ભાંગી પડ્યા હો ત્યારે અંગદાન વીશે સુઝવું જ અઘરું છે. વળી અંગદાન મગજથી લેવાતો નીર્ણય છે અને મગજ તો ત્યારે બહેર મારી ગયું હોય છે! આ નીર્ણય સાથે શંકાઓ, અપરાધભાવ, પાપ–પુણ્યનો સરવાળો ઘણું બધું જોડાયેલું છે. આમ પણ પોતાનું અંગદાન કરવું હોય તો વ્યક્તી જાતે નીર્ણય લઈ લેતી હોય છે;

પરન્તુ સ્વજનનાં અંગદાનનો અઘરો નીર્ણય લેનારાં પરીવારો વીશે આજે જાણીએ. તેમની એ સમયની પરીસ્થીતી અને માનસીકતાને સમજવાનો પ્રયાસ કરીએ :

દીકરાની અન્તીમ ઈચ્છા



જમણેથી મીલી, દેયાન, નાયસા અને રુપેશ ઉદાણી

ઑસ્ટ્રેલીયામાં રહેતાં મીલી અને રુપેશ ઉદાણીને બે સન્તાનો છે, જેમાં મોટી દીકરી નાયસા અને નાનો દીકરો દેયાન. દર વર્ષે એક વાર ભારત આવવાના રીવાજ મુજબ તેઓ આ વર્ષે પણ જાન્યુઆરીમાં અહીં આવ્યાં હતાં. જે દીવસે પાછાં જવાનાં હતાં એ દીવસે જ દેયાન એકદમ બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલીક હૉસ્પીટલ લઈને ભાગવું પડ્યું. તે બેભાન થયો એના બે–ત્રણ દીવસથી તે માથું દુઃખવાની ફરીયાદ કરતો હતો; પણ એ નગણ્ય લાગતાં ઉદાણી દમ્પતી આ બાબતે ગમ્ભીર બન્યું નહીં અને જ્યારે હૉસ્પીટલ ગયાં

ત્યારે ખબર પડી કે દેયાનને હૅમરેજ થઈ ગયું છે. દેયાનને ઠીક કરવા માટે ઑપરેશન કર્યું; પરન્તુ એ થયા પછી પણ મલ્ટીપલ હૅમરેજ થવા લાગ્યાં. તાત્કાલીક થયેલી બે સર્જરી પછી પણ દેયાનની પરીસ્થીતી વણસતી જતી હતી અને આખરે તેને બ્રેઈન–ડેડ જાહેર કરવામાં આવ્યો.

પરીવારની એ સમયની પરીસ્થીતી વર્ણવતાં ઘાટકોપરમાં રહેતાં દેયાનનાં મામી અમીરા બાવીસી કહે છે, 'અમારે માથે તો આભ ફાટી પડ્યું હતું. એક જ રાતમાં હસતો–રમતો છોકરો હૉસ્પીટલ પહોંચી ગયો અને ડૉક્ટરોએ તેને બ્રેઈન–ડેડ જાહેર કર્યો!' આ સમયે નીયમ મુજબ ડૉક્ટરોએ અંગદાન માટેની મંજુરી માગી. અમને થયું કે આ વાત મીલી પાસે પહોંચી તો તેનું શું થશે; કારણ કે બધામાં, મા તરીકે સૌથી ખરાબ હાલત તો તેની જ હતી. આ નીર્ણય મીલીએ જ લેવાનો હતો; પરન્તુ એ નીર્ણય લેતાં પહેલાં એ વાતનો સ્વીકાર કરવાનો હતો કે હવે દેયાન તેના જીવનમાંથી જતો રહ્યો છે, જે સહેલું નહોતું.

બ્રેઈન–ડેડ થવાની સાથે અંગદાનની વાત મીલી અને રુપેશ સુધી પહોંચી ત્યારે તેમને તરત જ દેયાન સાથે ઑસ્ટ્રેલીયામાં થયેલી વાતચીત યાદ આવી ગઈ. અમીરા આ વીશે માહીતી આપતાં કહે છે, 'દેયાનની સ્કુલમાં તેના શીક્ષકે અંગદાન કરવું જોઈએ એ બાબતે વાત કરેલી. ઑસ્ટ્રેલીયામાં એક નીયમ છે કે જો તમે ઑર્ગન–ડોનર હો તો ડ્રાઈવીંગ લાઈસન્સ પર જ એ લખાઈ જાય છે. મીલીના લાઈસન્સ પર એ લખેલું હતું અને રુપેશના લાઈસન્સ પર નહીં. એટલે દેયાને તેની

મમ્મીને પુછ્યું કે મમ્મી, 'કેમ તારા લાઈસન્સ પર જ આ લખ્યું છે, પપ્પાના લાઈસન્સ પર કેમ નહીં?' ત્યારે રુપેશે કહ્યું કે, 'મને થોડી બીક લાગે છે.' ત્યારે આટલા નાના દેયાને કહ્યું કે, 'એમાં બીક શેની? હું તો ચોક્કસ ઑર્ગન ડોનેટ કરવાનો જ છું અને પપ્પા, તમે પણ કરજો.' આ બનાવ આંખ સામે તાદૃશ થતાં તે બન્નેએ દેયાનની આ વાતને તેની આખરી ઈચ્છા સમજી પુરી કરવાનું પ્રણ લીધું અને અંગદાન માટે હા પાડી.

આ અઘરા નીર્ણય પછી જ્યારે દેયાનને ઑપરેશન–થીયેટરમાં લઈ જઈ રહ્યા હતા એ ક્ષણ મીલી અને રુપેશ માટે સૌથી અઘરી હતી. ત્યારે માને ખબર હતી કે તેનો દીકરો અત્યારે જીવતો જઈ રહ્યો છે અને જે બહાર આવશે એ ફક્ત તેનો મૃતદેહ જ હશે. આ પરીસ્થીતીમાં પણ જ્યારે ડોનેશન માટે ડૉક્ટર્સને આવતાં વાર લાગી રહી હતી, ત્યારે મીલી બેબાકળી થઈ ગઈ હતી કે ડૉક્ટર્સ જલદી આવતા કેમ નથી. જો તેઓ આમ જ વાર લગાડશે તો મારા દીકરાનું હૃદય ડોનેટ નહીં કરી શકાય. એ સમયે એક માની આવી હીમ્મત જોઈને ડૉક્ટર્સ પણ નતમસ્તક બન્યા હતા. દેયાનની યાદમાં ઉદાણી પરીવાર જેમનામાં શ્રદ્ધા ધરાવે છે એ શ્રીમદ્ રાજચન્દ્ર મીશન દ્વારા અંગદાનનું મોટું કૅમ્પેન ભારતમાં જ નહીં; વીશ્વનાં જુદાં–જુદાં સ્થળોએ આજે ચાલી રહ્યું છે.



મૃત્યુનો ભાર હળવો થયો

ત્રણ મહીના પહેલાં મુમ્બઈનાં અખબારોમાં 'ગુજરાતથી હૃદય મુમ્બઈ આવ્યું'ના ટાઈટલ હેઠળ એક સમાચાર આવ્યા હતા કે કુલ 77 મીનીટમાં હાર્ટ સુરતથી મુમ્બઈ પહોંચ્યું હતું. આ એ જ હૃદય આપનારા પરીવારની વાત છે. ત્રેપન વર્ષના રમેશ પટેલનું સ્કુટર સ્લીપ થયું અને તેમને માથામાં ઈજા થઈ. આસપાસના એકઠા થયેલા લોકો તેમને હૉસ્પીટલ લઈ ગયા અને તેમના ઘરે તેમની પત્નીને ફોન કર્યો કે તમે તાત્કાલીક આવી જાઓ. રમેશભાઈને હેમરેજ થઈ ગયું હતું અને બધા જુદા–જુદા રીપોર્ટ્સ દર્શાવી રહ્યા હતા કે તેમની હાલત નાજુક હતી.



કાશ્મીરાબહેન, જય અને રમેશભાઈ પટેલ

આ સમયની વાત કરતાં તેમનો દીકરો જય પટેલ કહે છે, 'અમારી હાલત ખુબ જ ખરાબ હતી. પપ્પા, મારા પપ્પા જ નહીં; બેસ્ટ ફ્રેન્ડ પણ હતા. તે જ પરીવારનું સર્વસ્વ હતા અને તેમને આ હાલતમાં

જોવા અમારા માટે મુશ્કેલ હતું. ખાસ કરીને મમ્મી તો અન્ન–જળત્યાગ કરીને બેસી ગયાં હતાં. તેમણે પ્રણ લીધેલું કે પપ્પાને ઠીક થાય પછી જ હું કંઈ પણ મોઢામાં નાખીશ. મને જ્યારે ખબર પડી કે પપ્પા બ્રેઈન–ડેડ છે ત્યારે હું તો એ પરીસ્થીતી સ્વીકારવા જ તૈયાર નહોતો. મને લાગ્યું કે હું તેમને અમેરીકા લઈ જઈશ, સારામાં સારો ઈલાજ કરાવીશ. મારા પપ્પા મને પાછા જોઈએ.' જયનો પોતાના પપ્પા માટેનો મોહ અને તેમને પાછા લાવવાની જીદ ત્યાં સુધીની હતી કે તેણે સારામાં સારા ડૉક્ટર્સની લાઈન ખડી કરી દીધી.

બ્રેઈન–ડેડ સર્ટીફીકેટ માટે બે ડૉક્ટરના મત પર્યાપ્ત છે; પરન્તુ જયે ચાર ડૉક્ટરના મત લીધા. એમાંથી એક જાણીતા ડૉક્ટરે તેને સમજાવ્યું કે, 'ભાઈ, તું આમને ગમે ત્યાં લઈ જા; પરન્તુ હવે આમાં કંઈ થઈ શકે એમ નથી.' ડૉક્ટરે રમેશભાઈનાં પત્ની કાશ્મીરાબહેનને પણ સમજાવ્યું અને 'અંગદાન' માટેની વાત કરી. કાશ્મીરાબહેન જ્યારે આ બાબતે અસમંજસમાં હતાં, ત્યારે હૉસ્પીટલમાં લાગેલું ઑર્ગન–ડોનેશનનું પોસ્ટર જોયું અને એ ઘડીએ પ્રતીબદ્ધ બન્યાં કે આ કરવું જ જોઈએ.

રમેશભાઈની કીડની, લીવર, આંખ અને હૃદય દાનમાં આપવામાં આવ્યાં. તેમના વીશે વાત કરતાં જય કહે છે, 'મારા પપ્પાને કોઈ વ્યસન નહોતું અને તેમના નખમાં પણ રોગ નહોતો એટલે તેમનાં અંગો એકદમ તન્દુરસ્ત હતાં. હમણાં થોડા દીવસ પહેલાં જ હું એ બધા લોકોને મળ્યો જેમને મારા પપ્પાનાં અંગો મળ્યાં હતાં. તેમને

મળીને મને લાગ્યું કે હું પપ્પાને જ મળ્યો છું; મારા પપ્પા ક્યાંય ગયા નથી, બસ અહીં જ છે. આ અંગદાનથી તેમના મૃત્યુના દુઃખનો જે ભાર છે એ થોડો હળવો થયો છે. યોગાનુયોગ તો જુઓ, જ્યારે મારા પપ્પાના અગ્નીસંસ્કાર પણ થયા નહોતા ત્યાં સુધીમાં તેમના થકી બીજી ચાર જીન્દગી બેઠી થઈ ગઈ હતી !'



શંકા થવી તો સહજ જ છે



મમ્મી સ્મીતા અને આશુતોષ મીને

ભાઈન્દરમાં રહેતા આશુતોષ મીનનાં મમ્મી અને પપ્પાનો આજથી બે વર્ષ પહેલાં 2014ના જુનમાં ઍક્સીડન્ટ થયો. તેમનું સ્કુટર સ્લીપ થઈ ગયું અને બન્ને જખમી થયાં, જેમાં તેના મમ્મી સ્મીતાબહેન વધુ ગમ્ભીર હાલતમાં હતાં; કારણ કે તેમના મગજમાં ક્લૉટનું પ્રમાણ

વધતું જતું હતું. પપ્પાની પણ હાલત એ સમયે ખરાબ જ હતી; પરન્તુ તેમના ક્લૉટ મમ્મીની સરખામણીમાં નાના હતા.

મમ્મીની હાલત ખરાબ થતી ચાલી. તેમના મગજમાં સોજાનું પ્રમાણ વધી રહ્યું હતું. આ દીવસો યાદ કરીને આશુતોષ કહે છે, 'તેમને અમે મોટી હૉસ્પીટલમાં દાખલ કર્યાં હતાં; પરન્તુ તો પણ, સાથે–સાથે બીજી જગ્યાના ડૉક્ટર્સનો મત હું લઈ જ રહ્યો હતો. આ સમય જ એવો છે કે તમારું કોઈ માંદું હોય તો સેકન્ડ ઑપીનીયન લેવા માણસ આમતેમ નીષ્ણાતો પાસે દોડ્યા કરે છે. આ સમયમાં જ્યારે તેમની હાલત લથડી ત્યારે એ લોકોએ તેમની ફરજ મુજબ મને ઑર્ગન–ડૉનેશન માટે વાત કરી અને મને આ વાતથી તેમના પર વધુ શંકા ગઈ.'

ન્યુઝમાં આપણે અવારનવાર સાંભળીએ છીએ કે ઑર્ગન્સની ખરીદારી અને લે–વેચ થતી હોય છે. હૉસ્પીટલવાળા પણ એમાં ભળેલા જ હોય. આ બધું સાંભળી–સાંભળીને અને જે સમયે આપણું સ્વજન એ પરીસ્થીતીમાં હોય ત્યારે તો તમને બધું નકારાત્મક જ દેખાય. એવી જ હાલત આશુતોષની હતી. તેને પણ લાગ્યું કે આ લોકો સાચું જ બોલી રહ્યા છે કે શું ફક્ત ઑર્ગન્સ મેળવવા માટે આવું કહી રહ્યા છે? પરન્તુ જેટલા ડૉક્ટર્સના મત તેણે લીધા, એ બધાએ કહ્યું કે મમ્મીની હાલત ખરેખર ગમ્ભીર છે.

એક વખત વાતનો સ્વીકાર થઈ જાય પછી આગળ મગજ ચાલે એમ જણાવતાં આશુતોષ કહે છે, 'ઑર્ગન–ડૉનેશન વીશે અમારો પરીવાર પહેલેથી જાગૃત હતો. છાપાં અને મૅગેઝીનના લેખ, ટીવી પરની જાહેરાતો અને સમાજમાં બનતા બનાવો જ્યારે પણ સામે આવે ત્યારે અમારા ઘરમાં આ વીશે ચર્ચા થાય અને અમને બધાને લાગે કે અંગદાન તો કરવું જ જોઈએ. મમ્મી પણ હમ્મેશાં આગ્રહપુર્વક કહેતા કે મને કંઈ થાય તો મારાં અંગોનું દાન ચોક્કસ કરજે અને એટલે જ અમે નીર્ણય લીધો કે અમે અંગદાન કરીશું.'

સ્મીતાબહેનના હાથ–પગ ઘાયલ થયેલા હતા. એટલે તેમની સ્કીન દાન ન કરી શકાઈ. આ ઉપરાંત તેમનું હાર્ટ પણ દાન કરી શકાય એમ નહોતું. તેમની આંખો, તેમનું લીવર અને તેમની કીડની ત્રણેય વસ્તુનું દાન થયું. આજે મીનપરીવારમાં દરેક વ્યક્તી અંગદાન માટે પ્રતીબદ્ધ બની છે. સ્મીતાબહેનની જેમ બધા જ ઈચ્છે છે કે તેમનું મૃત્યુ સાર્થક બને.

શું–શું મેળવી શકાય?

ભારતમાં રોડ–ઍક્સીડન્ટથી લાખો લોકો હૉસ્પીટલમાં ઍડ્મીટ થાય છે અને એમાંથી મોટા ભાગના બ્રેઈન–ડેડ ડીક્લેર થાય છે. આવા સંજોગોમાં બ્રેઈન–ડેડ વ્યક્તીના પરીવારની મંજુરી મેળવીને 11 જેટલાં મહામુલ્ય ઑર્ગન અને ટીશ્યુ દાનમાં મેળવી

શકાય છે. હૃદય, લીવર, ફેફસાં, કીડની, સ્વાદુપીંડ, આંતરડાં, આંખ, ત્વચા, હાડકાં, હૃદયના વાલ્વ અને કાનનો પડદો બ્રેઈન–ડેડ વ્યક્તી પાસેથી ડોનેશનમાં મળી શકે છે.

કેટલો સમય સચવાય?

આ મહત્ત્વપુર્ણ અંગો બ્રેઈન–ડેડ વ્યક્તીમાંથી તરત જ મેળવી લઈ અને એની યોગ્ય જાળવણી કરીને વીવીધ સમય સુધી સાચવી શકાય છે. હૃદય અને ફેફસાં ચારથી છ કલાક સુધી જાળવી શકાય છે, જ્યારે કીડનીની 48થી 72 કલાક સુધી જાળવણી કરી શકાય છે. હાડકાં અને ચામડી પાંચ વર્ષ સુધી જાળવી શકાય છે. એટલે કે ઉપરોક્ત સમયમાં આ અંગો અન્ય માનવીમાં ફીટ કરી દેવાં પડે છે.

બ્રેઈન–ડેડ એટલે શું?

જ્યારે કોઈ વ્યક્તીને મગજમાં માર લાગે અને હેમરેજ થવાને લીધે તેનું મગજ કામ કરતું અટકી જાય એને બ્રેઈન–ડેડ કહે છે. આવી વ્યક્તીના શ્વાસ ચાલતા હોય છે એટલે દરદીના સમ્બન્ધી માને છે કે જીવે છે; પરન્તુ માણસ બ્રેઈન–ડેડ થાય એના 1–2 દીવસમાં કે ક્યારેક અમુક કલાકોમાં જ તે સમ્પુર્ણ રીતે ડેડ થઈ શકે છે. એવું ન થાય એટલે તેને વેન્ટીલેટર પર રાખવામાં આવે છે. વેન્ટીલેટર જેવું હટાવવામાં આવે કે તે થોડા દીવસમાં કે કલાકોમાં મરી જાય છે. જ્યારે વ્યક્તી બ્રેઈન–ડેડ થાય ત્યારે ડૉક્ટર દરદીના ઘરના

લોકોને ઈન્ફૉર્મ કરે છે કે વ્યક્તી બ્રેઈન–ડેડ થઈ છે, તમને ઑર્ગન ડોનેટ કરવાની ઈચ્છા છે કે નહીં? આ સમયે એક યક્ષ પ્રશ્ન એ છે કે વ્યક્તીના શ્વાસ ચાલી જ રહ્યા છે, એક સામાન્ય માણસ માટે શ્વાસ જ જીવન છે, પોતાના આપ્તજનને કોઈ ચમત્કાર બચાવી લેશે એવી તેના મનમાં ભાવના ચોક્કસ હશે; તો તે કેવી રીતે માની લે કે આ વ્યક્તી હવે ઠીક નહીં જ થાય? આ પ્રશ્નનો જવાબ આપતાં વૉકહાર્ટ હૉસ્પીટલ, મુમ્બઈ સેન્ટ્રલના ન્યુરોલૉજીસ્ટ ડૉ. શીરીષ હસ્તક કહે છે, 'કોમા અને બ્રેઈન–ડેડ બન્ને અવસ્થા જુદી છે. જો વ્યક્તી કોમામાં હોય તો વર્ષો પછી પણ એ પાછી આવી શકે છે; પરન્તુ જે વ્યક્તી બ્રેઈન–ડેડ હોય એ વ્યક્તી પાછી આવી શકતી નથી. એ શક્ય જ નથી. કોમા એટલે મગજનું બહારનું આવરણ ક્ષતીગ્રસ્ત થયું હોય અને બ્રેઈન–ડેડ એટલે બહારનું જ નહીં; મગજનું અન્દરનું આવરણ પણ ક્ષતીગ્રસ્ત થયું છે. જો 0.01 ટકા પણ શક્યતા બચી હોય, વ્યક્તીના જીવીત રહેવાની, તો તેને બ્રેઈન–ડેડની ઉપાધી કોઈ આપી શકે નહીં.'

અંગદાનની પ્રોસેસ

જ્યારે તમે સમ્બન્ધી તરીકે નીર્ણય લો છો કે, આ દરદીનાં અંગોને દાન કરવામાં અમને વાંધો નથી, ત્યારે એ વ્યક્તીના શ્વાસ ચાલુ હોય છે; પરન્તુ જ્યારે તેને ઑપરેશન થીયેટરમાં લઈ જાય છે અને તેમનાં અંગો કાઢી લેવામાં આવે છે, ત્યારે તેનું આ મૃત્યુ કૃત્રીમ રીતે


થાય છે. મેડીકલ સાયન્સ માટે એવું છે કે દરદીનું મૃત્યુ થોડા સમયમાં થવાનું જ છે એ પહેલાં તેનાં અંગો કામમાં લઈ શકાય એટલે આ પ્રક્રીયા જરુરી છે; પરન્તુ એક સામાન્ય માણસની જગ્યાએ ઉભા રહીને વીચારીએ, તો લાગે કે આપણી વ્યક્તીને આપણે જાતે મારી રહ્યા છીએ. આવામાં ડૉક્ટર તો ખોટું નહીં બોલતા હોય? ડૉક્ટરે કહ્યું એટલે કેમ માની લેવું કે આ વ્યક્તી બ્રેઈન–ડેડ થઈ જ ગઈ છે? આવા કેટલાય પ્રશ્નો આ નાજુક સમયમાં વ્યક્તીને આવી શકે છે. આ બાબતે સ્પષ્ટતા કરતાં ડૉ. શીરીષ હસ્તક કહે છે, 'આ પ્રોસેસ એકદમ કાનુની છે અને એમાં ઘણા બધા લોકો સામેલ હોય છે એટલે પારદર્શી પણ છે. એક ટેસ્ટ છે ઍપ્નયા ટેસ્ટ, જેના દ્વારા ખબર પડે છે કે વ્યક્તી બ્રેઈન–ડેડ છે કે નહીં. આ ઉપરાંત જે તેનો ઈલાજ કરી રહ્યા છે એ સીવાયના બીજા બે ડૉક્ટર આવીને દરદીને તપાસે છે અને તે પણ માને ત્યારે તેને બ્રેઈન–ડેડ ઘોષીત કરવામાં આવે છે. બીજું એ કે અંગદાન એક પ્રૅક્ટીકલ નીર્ણય છે. જ્યારે તમારું સ્વજન મરવાનું છે, એ નીશ્ચીત થઈ જ ગયું છે, ત્યારે તેનાં અંગો બીજી વ્યક્તીને આપીને તેમનું મરણ સાર્થક બનાવી શકાય છે. બાકી જો તેમને કુદરતી મૃત્યુ આપવામાં આવે તો તેમનાં એ અંગ વેડફાઈ જશે અને કોઈ વ્યક્તી જેને જીવનદાન મળવાનું હતું એ નહીં મળી શકે.'

શું તમે જાણો છો?

દેશમાં એક અંદાજ મુજબ આશરે પાંચ લાખ લોકો વીવીધ ઑર્ગન ન મળવાને કારણે દર વર્ષે મોતને ભેટે છે, જ્યારે લીવર ન

મળવાને કારણે વર્ષે બે લાખ લોકો મૃત્યુ પામે છે. દોઢ લાખ લોકો દર વર્ષે કીડની–ટ્રાન્સપ્લાન્ટ માટે રાહ જોઈ રહ્યા છે. એની સામે એક વર્ષમાં માંડ 5,000 કીડની મળી રહે છે. દર વર્ષે દસ લાખ લોકો કૉર્નીયલ બ્લાઈન્ડનેસને કારણે અન્ધાપો અનુભવી રહ્યા છે.

લેખીકા સમ્પર્ક : jigishadoshi@gmail.com



‘ગુગલ પ્લે સ્ટોર’ પરથી એન્ડ્રોઈડ ફોનધારકો માટે ‘અભીવ્યક્તી’ બ્લૉગની ‘એપ’ ‘Govind Maru’ની સુવીધા છે. જેમને ‘ગુગલ પ્લે સ્ટોર’ પરથી ‘એપ’ ડાઉનલોડ કરવાની ફાવટ ન હોય તેમના માટે સરળ સોર્સ : https://play.google.com/store/apps/details?id=com.digifarm.govindmaru



3

ઈસ્લામ અનુસાર અવયવોનું દાન

અનુક્રમણીકા

–કાસીમ અબ્બાસ

આ જગતમાં સમાજમાં અતી મહત્ત્વના સભ્ય તરીકે રહેતો માનવી પોતાનું ટુંકું જગતજીવન વીતાવ્યા પછી તેનો એક નક્કી કરેલો ચોક્કસ સમયનો ગાળો પુર્ણ કર્યા પછી આ પામર જગતમાંથી વીદાય લે છે. પોતાના જગતજીવન દરમીયાન તે એક મનુષ્ય હોવાના કારણે પોતાના જેવા અન્ય મનુષ્યોના કલ્યાણ તથા ઉત્કર્ષ કાજે તથા તેમને સહાય કરવાના હેતુથી ઘણાં સુકર્મો કરે છે. અને આ અનુસાર તે પોતાના મૃત્યુ પછી પણ જગતમાં પોતાનું નામ, પોતાની સારી શાખ, પોતાની ઓળખ અને પોતે કરેલ ભલાં કાર્યોની યાદ છોડી જાય છે.

આ પ્રકારનો પરદુઃખભંજન માનવી પોતાના મૃત્યુ પછી પણ શું અન્ય માનવીઓને કામ આવી શકે કે કેમ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે અવશ્ય તે પોતાના મૃત્યુ પછી પણ અન્ય માનવીઓને કામ આવી શકે છે. એક રીત એ કે તે પોતાના જીવન દરમીયાન એવી સંસ્થા કે સંસ્થાઓ સ્થાપીત કરી જાય અને એવો બન્દોબસ્ત કરી જાય કે તે સંસ્થાઓનાં કાર્યો થકી તેના મૃત્યુ પછી પણ અન્ય માનવીઓને ફાયદો

પહોંચતો રહે. બીજી રીત એ કે તે પોતાના મૃત્યુ પછી પોતાની લેખીત ઈચ્છા અનુસાર પોતાના શરીરનાં અંગો એટલે કે પોતાના અવયવો(ઈન્દ્રીઓ)નું અથવા તો પોતાના પુરા શરીરનું અન્ય જીવન્ત માનવીઓના ફાયદા માટે દાન કરી જાય. આનો અર્થ એ થયો કે તેના મૃત્યુ પછી તેના શરીરના અવયવો અન્ય જીવન્ત માનવીઓ, જેઓ આ અવયવોથી વન્ચીત છે, તેમના માટે છોડી જાય, જેથી આ માનવીઓ તે અવયવો થકી ફાયદો ઉપાડી શકે. આ કાર્યનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ એ છે કે એક માનવી પોતાની લેખીત ઈચ્છાથી પોતાના મૃત્યુ પછી પોતાના ચક્ષુઓ (આંખો)નું દાન કરી જાય છે. આ ચક્ષુઓ તેના મૃત્યુ પછી તેની ઈચ્છા અનુસાર તરત જ તબીબી નીષ્ણાતો દ્વારા કાઢી નાંખવામાં આવે છે. અને મૃત્યુ પામેલા માનવીના દાન કરેલાં ચક્ષુઓ બીજા કોઈ ચક્ષુહીન જીવન્ત માનવીઓને વાઢકાપ (ઑપરેશન) દ્વારા લગાવી દેવામાં આવે છે. અને તે બન્ને માનવીઓ આ દાન કરેલા ચક્ષુઓથી જગતની વસ્તુઓને જોઈ શકે છે. આ રીતે એક માનવી પોતાના મૃત્યુ પછી પણ અન્ય માનવીઓને ફાયદો પહોંચાડી શકે છે.

અહીં પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે શું આ રીતે માનવી પોતાની ઈચ્છા અનુસાર પોતાના મૃત્યુ પછી પોતાના શરીરના અવયવો કે પુરેપુરું શરીર માનવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે દાન કરી શકે છે? સમાજ, કાયદો, સરકાર તથા ધર્મશાસ્ત્રો આ વીષે શું કહે છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા પહેલાં આપણે સમાજ, કાયદો તથા સરકારના સન્દર્ભમાં વાસ્તવીકતા જોઈએ.



અંગદાન | જહાંગીરપુરામાં બરકત વડસરીયાની પત્ની નસીમબેનને વોમિટિંગ થયા બાદ ડોક્ટરોએ તેમને બ્રેઇન ડેડ જાહેર કર્યાં હતાં

બ્રેઇન ડેડ નસીમબેનનાં કિડની, લિવર થકી 3ને નવજીવન

સુરતની વિદ્યાર્થિની આરતી ભુલચંદાની સહિત અન્ય બે વ્યકિતને અંગદાન મળ્યું

ભાસ્કર ન્યૂઝ. સુરત

જીવતે જીવ રક્તદાન અને મૃત્યુબાદ અંગદાન આ ઉક્તિને શહેરના જહાંગીરપુરાના એક સામાન્ય પરિવારની પરિણીતાએ ચરિતાર્થ કરી છે. જહાંગીરપુરામાં સોડા સરબતની લારી ચલાવીને પરિવારનું ભરણ પોષણ કરતા ખોજા યુવાનની પત્નીની અચાનક તબિયત લથડ્યા બાદ તેણીને બ્રેઈન ડેડ જાહેર કરાઈ હતી. પરિવારે મહિલાના અંગોના દાનનો નિર્ણય લેવાયો હતો. તેની બે કિડની અને લિવરના દાન થકી ત્રણ વ્યક્તિને નવું જીવન મળ્યું છે.

મુળ સૌરાષ્ટ્રના માળિયા હાટીના તાલુકાના ગાંગેચા ગામના વતની બરકતભાઈ વડસરીયા રાંદેર સંજય સોસાયટીમાં રહે છે અને તેઓ જહાંગીરપુરામાં સરબતની લારી ચલાવે છે. અત્યંત સામાન્ય પરિવારના બરકતભાઈના પત્ની નસીમબેનને શુક્રવારે રાત્રે અચાનક માથામાં દુઃખાવો શરૂ થયો હતો અને તેમને વોમિટિંગ થતા ટ્રાઈસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે એપલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં ડો. અશોક પટેલે નસીમબેન પર સર્જરી કરીને તેમના મગજમાંથી પાણી બહાર કાઢ્યું હતું. ગત રોજ ન્યૂરો સર્જન ડો. અશોક પટેલ અને ડો. હસમુખ સોજીત્રાએ નસીમબેન બરકતભાઈ વડસરીયાને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. ડો. અશોક પટેલે નસીમબેન અંગેની વિગતો ડોનેટ લાઈફ ટ્રસ્ટને આપી હતી. જેથી નિલેશ માંડલેવાલાએ હોસ્પિટલ ખાતે આવી અને બરકતભાઈ તેમજ નસીમબેનના પિતા નિઝારભાઈને અંગદાન અંગેની જાણકારી આપી હતી. પતિ બરકતભાઈ તેમજ પિતા નિઝારભાઈએ નસીમબેનની કિડની તેમજ લિવરનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો. ડોનેલ લાઈફ ટ્રસ્ટે અમદાવાદ ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ (આઈકેડીઆરસી)ને ઓર્ગન ડોનેશન અંગેની જાણકારી આપી હતી. જેથી ડો. પ્રાંજલ મોદી સહિતની ટીમે તાત્કાલિક સુરત ખાતે આવીને નસીમબેનની બન્ને કિડની અને લિવરનું ડોનેશન સ્વીકાર્યું હતું. બન્ને કિડનીઓ પૈકી એક કિડની સુરતની 17 વર્ષની વિદ્યાર્થિની આરતી ભુલચંદાનીને અને બીજી કિડની જામનગરના ગીતાબેન બોરીચાને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેસાણાના પ્રવિણભાઈ પટેલને કરાયું હતું.

બ્રેઈનડેડ નસીમબાનુની ફાઈલ તસવીર.

ડોનેટ લાઇફ ટ્રસ્ટ થકી 212ને નવજીવન

અત્યાર સુધી ઇન્ડિયા રિનલ ફાઉન્ડેશનમાં કામ કરતા નિલેશ માંડલેવાલાએ અંગદાન ક્ષેત્રે વધુ સારી રીતે કામગીરી કરવા ડોનેટ લાઇફ ટ્રસ્ટની સ્થાપના કરી છે. અત્યાર સુધીમાં ટ્રસ્ટ થકી 110 કિડની, 31 લિવર, 4 પેન્ક્રીઆસ અને 88 ચક્ષુનું દાન થયુ છે અને કુલ 212 વ્યક્તિને નવુ જીવન મળ્યુ છે.

સૌજન્ય : દીવ્ય ભાસ્કર, 23/12/2014

સમાજના નીતીનીયમો અનુસાર અવયવોના દાનનું આ કાર્ય એક બીજા જીવન્ત માનવીના કલ્યાણ તથા ફાયદા કાજે થઈ રહ્યું હોવાથી સેવાના કાર્યમાં સામાજીક રીતે કોઈ બાધ નથી આવતો. કાયદા અને સરકાર વીષે એ સત્ય છે કે અત્યારે જગતના અસંખ્ય દેશોમાં માનવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે મૃત્યુ પછી માનવીની પોતાની ઈચ્છા અનુસાર તેના અવયવોના દાન પર કોઈ પ્રતીબન્ધ કે અવરોધ નથી. ઘણા દેશોમાં તો મૃત્યુ પછી અવયવોના દાન માટે સરકારી કે ખાનગી ધોરણે ઝુમ્બેશ પણ ચલાવવામાં આવે છે. આનું એક ઉદાહરણ એ છે કે ઘણા દેશોમાં, જેમાં યુરોપ, અમેરીકા, કેનેડા વગેરેનો પણ સમાવેશ થાય છે, વાહન ચલાવવાના પરવાના (ડ્રાઈવીંગ લાઈસન્સ)ના નવીનીકરણ (રીન્યુઅલ) માટેની અરજીની સાથે મૃત્યુ પછી પોતાના અવયવોનું દાન આપવા માટે ઈકરારનામું

(ફોર્મ) પણ હોય છે, જેમાં માનવી આ કાર્ય માટે પોતાની સહી કરીને અનુમતી આપી શકે છે.

હવે આપણે માનવીની પોતાની ઈચ્છાનુસાર મૃત્યુ પછી પોતાના શરીરના અવયવો કે પુરા શરીરના દાનને ધર્મશાસ્ત્રો અનુસાર જોઈએ. સામાન્ય રીતે જગતના કોઈ પણ ધર્મના ધર્મશાસ્ત્રમાં આ પ્રકારના દાન વીષે કોઈ ચોક્કસ રીતે ચોખવટ નથી કરવામાં આવી. મુસ્લીમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ આ વીષે કોઈ ચોક્કસ પ્રકારની ચોખવટ કરતાં બોધવચનો નથી આપવામાં આવ્યાં; પરન્તુ માનવજાતના જીવ બચાવવા માટેનાં બોધવચનો અવશ્ય આપવામાં આવેલ છે અને એક બોધવચનમાં તો એક માનવીના જીવને બચાવવાને સમસ્ત માનવજાતના જીવ બચાવવા સમાન લેખવામાં આવેલ છે.

સૌ પ્રથમ આપણે વીસમી સદી તથા એકવીસમી સદીના મુસ્લીમ ધર્મગુરુઓનાં મન્તવ્યો જોઈએ કે તેઓ આ વીષે શું કહે છે? આ વીષેની લમ્બાણપુર્વક છણાવટ કરતું 100 પૃષ્ઠનું એક પુસ્તક 'ઈસ્લામી દષ્ટીએ આંખોનું દાન' ગુજરાતી ભાષામાં 1986માં પાકીસ્તાનના શહેર કરાચીમાં પ્રગટ થયું હતું. તે પુસ્તકમાં અસંખ્ય મુસ્લીમ ધર્મગુરુઓના 'ફતવાઓ' (રાજાજ્ઞા – સત્તાધીશનો આદેશ) આપવામાં આવેલ છે. અહીં આ લેખમાં એ સર્વે 'ફતવાઓ' પ્રગટ કરવાનો અવકાશ તથા ઉદ્દેશ નથી; પરન્તુ અહીં આ ટુંકા લેખમાં તેના

ખુલાસાઓ અને એ શરતો આપવામાં આવેલ છે, જે શરતોને આધીન ઈસ્લામ ધર્મ અનુસાર એક મુસ્લીમ પોતાની મરજીથી અને પોતાની ઈચ્છા અનુસાર પોતાના મૃત્યુ પછી પોતાના શરીરના અવયવોનું દાન માનવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે કરી શકે છે.

આ વીષેના જુદા જુદા દેશોના મુસ્લીમ ધર્મગુરુઓના ફતવાઓનો સાર આ પ્રમાણે છે :

(1) ઈસ્લામી દેશો સઉદી અરેબીયા, મીસર તથા જોર્ડનની સરકારના ઉચ્ચ ધાર્મીક અભ્યાસીઓ અને ધર્મગુરુઓએ માનવીના મૃત્યુ પછી તેની મરજી અને ઈચ્છા અનુસાર માનવજાતના કલ્યાણ, ફાયદા તથા અન્ય માનવીનો જીવ બચાવવા કાજે તેના શરીરના અવયવોના દાનને અમુક શરતોને આધીન ઈસ્લામ ધર્મ અનુસાર કાયદેસર ગણાવેલ છે.

(2) પાકીસ્તાનની ઘણી ધાર્મીક સંસ્થાઓ જેને ‘દારુલ ઉલુમ’ (જ્ઞાનનું રહેઠાણ) કહેવામાં આવે છે, તેમના મોવડીઓનો પણ ઉપર પ્રમાણેનો અભીપ્રાય છે.

(3) પાકીસ્તાન દેશની સરકારી ‘ઈસ્લામી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ’ (ઈસ્લામી સંશોધન સંસ્થા)નો પણ ઉપર પ્રમાણેનો અભીપ્રાય છે.

(4) પાકીસ્તાન તથા ભારતના અન્ય ધાર્મીક અભ્યાસીઓ તથા ધર્મગુરુઓનો પણ ઉપર પ્રમાણેનો અભીપ્રાય છે.

આ વીષેની શરતો, જે સર્વે ધર્મગુરુઓએ ગણાવેલ છે, તે આ પ્રમાણે છે :

1. માનવી પોતાની મરજી અને ઈચ્છા અનુસાર તથા કોઈ પણ પ્રકારના દબાણ વીના પોતે લેખીત પરવાનગી આપતો હોય કે તેના મૃત્યુ પછી તેના શરીરના અવયવોનો ઉપયોગ માનવજાતના કલ્યાણ તથા ફાયદા કાજે કરવામાં આવે. તે ઉપરાંત તેના વાલીની, અગર તેનો કોઈ વાલી ન હોય, તો સત્તાધીશ અધીકારીની મંજુરી પણ જરુરી છે.

2. માનવીના મૃત્યુ પછી તેની લેખીત ઈચ્છા અનુસાર તેના મૃત શરીરમાંથી તેના અવયવો કાઢવાનું કાર્ય તબીબી ક્ષેત્રના નીષ્ણાતો દ્વારા થાય, અને આ કાર્યનો ઉદ્દેશ જરુરતની ભુમીકાએ જ માનવજાતના કલ્યાણ અને ફાયદા કાજે જ હોવો જોઈએ. એટલે કે આ અવયવોને આવા અવયવોથી વંચીત માનવીને લગાડવામાં આવે, અથવા તો આ અવયવો તબીબી જ્ઞાનના વીદ્યાર્થીઓને અભ્યાસ માટે આપવામાં આવે એ ધ્યાનમાં રાખતાં કે માનવજાતના કલ્યાણ કાજે તબીબી જ્ઞાન મેળવવાનો આ એક જ વ્યવહારુ માર્ગ છે, અને માનવના શરીરના અવયવોના અભ્યાસ વગર તબીબી જ્ઞાન ખરા અર્થમાં મેળવવું શક્ય નથી.

3. જે જીવન્ત માનવીને મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવો તેની લેખીત પરવાનગીથી લગાડવામાં આવે, તે જીવન્ત માનવી ખરેખર

તે અવયવોનો જરુરતમન્દ હોય અને તેની શારીરીક વહીવટ ક્રીયાની સલામતીનો આધાર તે અવયવો મેળવવા પર હોય.

4. મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવો કાઢતી સમયે તે વાતને લક્ષમાં રાખવી જરુરી છે કે તેના શરીર પર કોઈ અસામાન્ય કુરુપતા ઉત્પન્ન ન થાય.

5. મૃત્યુ પામેલા માનવીના શરીરના અવયવો માટે કોઈ ભૌતીક વળતર ન લેવામાં આવે તથા અન્ય કોઈ ભૌતીક લાભ દૃષ્ટી સમક્ષ ન હોય.

6. આ કાર્યને ‘જરુરત’ની સીમા સુધી જ મર્યાદીત રાખવું જોઈએ.

મુસ્લીમ યુવકનું હૃદય હિન્દુ યુવકના શરીરમાં ધબકશે

ભાવનગર,તા.૧૯

સૌરાષ્ટ્રમાં મુસ્લીમ યુવકના હૃદયમાં દાનનો પ્રથમ બનાવ ભાવનગરમાં બનવા પામ્યો છે. ભાવનગરનો મુસ્લિમ યુવાન હૃદય કીડની લીવર સહિતના અંગોનું દાન કરવામાં આવ્યું છે અને આ મુસ્લિમ યુવાનનું હૃદય જામનગરનાં હિન્દુ યુવક અર્જુનના હૃદયમાં ધબકશે.

ચક્ષુદાન, દેહદાન અને રક્તદાનની પ્રવૃત્તિમાં અગ્રેસર ભાવનગર હવે અંગદાનમાં પણ અગ્રેસર બની રહ્યું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં મુસ્લિમ સમાજમાં પ્રથમ અને રાજ્યમાં હૃદયનાં દાનની ત્રીજી ઘટના (ભાવનગરમાં બીજી) બની છે.

ભાવનગરમાં ઈશ્વરીયા ગામ નજીક વાહન અકસ્માતમાં ચોરવડલા ગામનાં યુવના આસીફ મહંમદ જુજો (ઉ.વ.૩૨)ને ગંભીર ઈજા થતાં તેને ભાવનગરની સરટી. હોસ્પિટલમાં ખસેડાયેલ તેનું મોત નિપજ્યું હતું.

અંગદાન કરી અન્ય વ્યકિતના શરીરમાં પોતાના પુત્રને જીવતો રાખવાનો મૃતક યુવકના પરિવારનો નિર્ણય

અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવાનનાં પરિવારજનોએ અંગદાન કરી અન્ય વ્યકિતનાં શરીરમાં પોતાના પુત્રને જીવતો રાખવાનો નિર્ણય કરતાં તુરત જ ભાવનગરનાં તબીબોએ અમદાવાદ જાણ કરતાં અમદાવાદની ડોકટરની ટીમ ભાવનગર આવી પહોંચી હતી અને ભાવનગરમાં ડો. રાજેન્દ્ર કાળરીયા સહિતની ઉપસ્થિતિમાં મૃતક યુવાનની સર્જરી કરી હૃદય, કીડની, લીવર સહિતનાં અંગો જરૂરિયાતવાળા દર્દીનાં શરીરાં પ્રત્યારોપણ કરવાની વિધિ કરી હતી. અમદાવાદની ટીમ ભાવનગરનાં યુવાન આસીફનું હૃદય સહિતનાં અંગો લઈને અમદાવાદ સીવીલ હોસ્પિટલની ટીમ રવાના થઈ હતી. અમદાવાદથી સ્પે ટીમ ટીમ રવાના થઈ હતી. અમદાવાદથી સ્પે.ટીમ ચાર્ટડ પ્લેન મારફત ભાવનગર આવી હતી. આ તકે ભાવનગર પોલીસે ગ્રીન કોરીડોર રચી વધુ એક વખત પ્રસંશનીય ફરજ બજાવી

(અનુસંધાન દશમાં પાને)

હૃદય

(છેલ્લા પાનાનું ચાલુ)

હતી. દરમ્યાન ભાવનગરનાં મુસ્લીમ યુવાન આસીફનું હૃદય જામનગરમાં હિન્દુ યુવક અર્જુનભાઈના શરીરમાં ધબકશે. આ માટે હૃદય ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદ ખાતે કરવામાં આવશે.

•સૌજન્ય•

જય હિન્દ

તા. 20/12/2016

G

Maru

ઈસ્લામ ધર્મ એક વ્યવહારીક અને વાસ્તવીક એટલે કે પ્રેક્ટીકલ ધર્મ હોવાના કારણે તેમાં અન્ધશ્રદ્ધાને કોઈ સ્થાન નથી. માનવજાતના કલ્યાણ વીષેની તથા અન્ય એવી દરેક બાબતને પાલનહાર અલ્લાહના આદેશો, તેના અન્તીમ પયગમ્બર સાહેબ (સ.અ.વ.)નાં અધીકૃત કથનો (હદીસો) તથા આજના સમયને અનુલક્ષીને સાચી અને સચોટ દલીલો, બુદ્ધી અને તર્કશાસ્ત્ર(લૉજીક) દ્વારા પરખવામાં આવે છે.

આ અનુસાર ઉપસંહારમાં એ જરુર કહી શકાય કે કોઈ માનવી પોતાના જીવન દરમીયાન માનવજાતના કલ્યાણ કાજે તથા અન્ય જીવન્ત માનવીને સહાય કરવા માટે અથવા તેનો જીવ બચાવવા માટે અથવા તેના અન્ધકારમય કે દુ:ખી જીવનને સુધારવા માટે પોતાની લેખીત પરવાનગીથી પોતાના મૃત્યુ પછી, અમુક શરતોને આધીન, પોતાના શરીરના અવયવોનું દાન કરે છે, તો તે સદ્‌કાર્ય અસંખ્ય મુસ્લીમ ધર્મગુરુઓના મંતવ્યો અનુસાર તથા પાલનહાર અલ્લાહના માનવજીવનની અગત્યતા વીષેના આદેશો અનુસાર ઈસ્લામ ધર્મમાં કાયદેસર ગણવામાં આવેલ છે, જેનું અમલીકરણ અસંખ્ય ઈસ્લામી દેશો તથા ગેરઈસ્લામી દેશો યુરોપ, અમેરીકા, કૅનેડા વગેરેમાં થઈ રહ્યું છે.

લેખક સમ્પર્ક : qasimabbas15@hotmail.com



4

દીલ દે કે દેખો

અનુક્રમણીકા

–જીગીષા જૈન



અહીં કોઈ વ્યક્તી પર દીલ વારી જવાની વાત નથી; પરન્તુ કોઈ વ્યક્તીને દીલ દાનમાં આપી તેને નવજીવન બક્ષવાની વાત છે. 1994માં ભારતમાં પહેલું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદયનું પ્રત્યારોપણ) કરવામાં આવ્યું હતું. એના પછી અઢળક પ્રયત્નોના ફળ સ્વરુપે વર્ષમાં એવરેજ 150 જેટલા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થાય છે; પરન્તુ એક સર્વે મુજબ ભારતમાં 50,000 લોકોને હૃદયના પ્રત્યારોપણની જરુર છે. આ જરુરતને પહોંચી વળવા માટે આપણે શું કરી શકીએ તે જાણીએ.

વીશ્વભરમાં દર વર્ષે લગભગ 3500–4000 હાર્ટ–ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશન થાય છે. ડૉ. પી. વેણુગોપાલ અને તેમની ટીમે 3 ઓગસ્ટ, 1994માં ભારતમાં પહેલું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન કર્યું હતું. ત્યારથી લઈને નવેમ્બર 2015 સુધીમાં ફક્ત 350 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી થઈ હતી. 2015 સુધી પરીસ્થીતી એવી હતી કે મુમ્બઈ જેવા શહેરમાં પણ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ શક્ય બનતું ન હતું. 47 વર્ષ પછી ઓગસ્ટ, 2015માં મુમ્બઈ ખાતે હૃદયનું સફળ પ્રત્યારોપણ થયું હતું. ત્યાર પછી તો ઘણા ટ્રાન્સપ્લાન્ટ થઈ ચુક્યા અને થઈ રહ્યા છે. મુમ્બઈ પછી મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં પણ હૃદયનાં સફળ પ્રત્યારોપણો થવા લાગ્યા છે. ડીસેમ્બર 2016માં અમદાવાદમાં પણ સૌ પ્રથમ હૃદયનું સફળ પ્રત્યારોપણ થયું હતું.

હૃદયદાનથી પ્રત્યારોપણ સુધીની સફરને સફળ બનાવવા માટેના હેલ્થ પ્રૉફેશનલ્સ અને સરકારના યથાર્થ પ્રયત્નોને કારણે 2016 કરતાં 2018 સુધીમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશનમાં 10 ગણો વધારો જોવા મળ્યો છે. કેડેવરીક ઓર્ગન ડોનેશનનું કો–ઓર્ડીનેશન સમ્ભાળતી રાષ્ટ્રીયસ્તરની સંસ્થા 'નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઈઝેશન'ના જણાવ્યા મુજબ આ બે વર્ષની અન્દર ભારતમાં 300થી પણ વધુ હૃદયનાં સફળ પ્રત્યારોપણો થયા છે. જે ઘણી મોટી સીદ્ધી ગણાવી શકાય. જો કે સાગર જેવડી મસમોટી જરુરીયાતની સામે આપણે હાંસલ કરેલી આ સીદ્ધી એક ટીપુંની ગરજ સારે છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં આજે 50,000 લોકોને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવાની જરુર છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની આ જરુરીયાતને પહોંચી વળવા

માટે ટ્રાન્સપ્લાન્ટની સુવીધાઓ, ઍડવાન્સ ટૅકનોલૉજી, આરોગ્ય તન્ત્રનું ઝડપી કામકાજ વગેરે પરીબળો પ્રત્યે આપણે પ્રતીબદ્ધ થવાની જરુર છે. તેમાય સૌથી વધુ મહત્વનું છે હૃદયદાતાઓની સંખ્યા વધારવી. નીષ્ણાતના મત મુજબ આજે પણ લોકો હૃદયદાન પ્રત્યે ઉદાસીનતા સેવે છે. એવા ઘણા લોકો છે જે કીડદાનની અને લીવરદાન કરે છે; પરન્તુ હૃદયદાન કરતાં નથી. અંગદાન કરવાથી આપણે બીજી વ્યક્તીને નવજીવન બક્ષી શકીએ છીએ તે ધ્યાનમાં રાખવું જરુરી છે. જયારે દાન થશે ત્યારે જ ટ્રાન્સપ્લાન્ટ શક્ય બનશે તે ભુલવું જોઈએ નહીં.

રજીસ્ટ્રેશન કરાવવું :

મુમ્બઈમાં ત્રણ હૉસ્પીટલો પાસે હૃદયનું પ્રત્યારોપણ કરવાની પરવાનગી છે. (1) ફોર્ટીસ હૉસ્પીટલ (2) એશીયન હાર્ટ હૉસ્પીટલ અને (3) જસલોક હૉસ્પીટલ. રજીસ્ટ્રેશન અને બીજી જરુરી બાબતો વીશે જણાવતાં કાર્ડીએક સર્જન ડૉ. નીલેશ મારુ કહે છે, ‘જેમના પર એક પણ પ્રકારની સર્જીકલ પ્રોસેસ કરીને તેમના હાર્ટનો પ્રૉબ્લેમ સૉલ્વ થઈ શકતો ન હોય એવા લોકોને જ હૃદયનું પ્રત્યારોપણ કરવાની જરુર પડે છે. મોટા ભાગે કાર્ડીયોમાયોપથી એટલે કે જેમનું હાર્ટફેઈલ થઈ ગયું હોય તેવા લોકોને હાર્ટ–ટ્રાન્સપ્લાન્ટની જરુર રહે છે. ટ્રાન્સપ્લાન્ટના ઑપરેશનના ખર્ચા સીવાય સર્જરી પછી દર મહીને પણ દવાઓ અને ફૉલો–અપ્સના ખર્ચાઓને મેળવીને જોઈએ તો રુપીયા 20–25 લાખ જેટલી રકમ થાય છે. લગભગ લીવર–ટ્રાન્સપ્લાન્ટ જેટલો જ ખર્ચ એનો ગણી શકાય. મહત્વની વસ્તુ એ છે કે દરેક હૉસ્પીટલમાં જે દરદીઓને

હૃદયનું પ્રત્યારોપણની જરુર છે એ દરદીઓએ રજીસ્ટ્રેશન કરાવવું જોઈએ. બધી હૉસ્પીટલમાંથી આ નામો ભેગાં થઈ એનું લીસ્ટ શહેરની રજીસ્ટ્રેશન ઑફીસમાં જાય છે. આ રજીસ્ટ્રેશન અત્યન્ત ઉપયોગી બાબત છે. જેવું એક વ્યક્તીનું હૃદયનું દાન થયું કે તરત જ લીસ્ટ મુજબ એ હાર્ટનું મૅચીંગ શોધી કાઢવામાં સરળતા રહે છે અને દાનમાં મળેલ હૃદય વેડફાઈ જતું અટકાવી શકાય છે.

પ્રોસેસ :

એક હાર્ટ–ટ્રાન્સપ્લાન્ટમાં શું–શું વસ્તુઓ ધ્યાનમાં રાખવી જરુરી છે એ વીશે વાત કરતાં ફોર્ટીસ હૉસ્પીટલ, મુલુંડના ફૅસીલીટી ડીરેક્ટર ડૉ. એસ. નારાયણી કહે છે, ‘હાર્ટ– ટ્રાન્સપ્લાન્ટ માટે અત્યન્ત જરુરી ફૅક્ટર છે કોઈ હૃદયદાતા મળી આવે; કારણ કે કોઈ જીવીત વ્યક્તી હૃદયનું દાન કરી શકતી નથી. એક બ્રેઈન–ડેડ વ્યક્તીના પરીવારજનો જ હૃદયનું દાન કરી શકે છે. વળી એ હૃદય તન્દુરસ્ત હોવું જરુરી છે. એની સાથે જે દરદીને આ હૃદયની જરુર છે તે દરદી સાથે એ હાર્ટ મૅચ થવું જોઈએ. હાર્ટ મૅચ થવા માટેના અમુક પૅરામીટર્સ છે જેમાં લોહીનાં ઘણાંબધાં તત્ત્વો છે જે મૅચ થવાં જોઈએ. જો હાર્ટ મૅચ થઈ ગયું તો દાતાના શરીરમાંથી હૃદયને કાઢીને દરદીના શરીરમાં લગાવવા માટે ફક્ત ચાર કલાક જેટલો ઓછો સમય હોય છે, જેમાં ટ્રાન્સપ્લાન્ટ કરી નાખવું જ જરુરી છે. આમ, કોઈ વ્યક્તી એક શહેરમાંથી બીજા શહેરના દરદીને દાન કરે એ થોડું અઘરું કામ થઈ જાય છે. હૃદયદાતા અને દરદી બન્ને એક જ શહેરમાં હોય એ જરુરી

બની જાય છે. વળી ઑપરેશન પછી પણ દર મહીને અમુક પ્રકારનાં ચેક–અપ્સ અને ફૉલો–અપ માટે દરદીએ સતત આવવું પડે છે.’

હૃદય–દીલ સેક્યુલર છે. ધર્મ, જાતી, રંગ–રુપના ભેદ વીના એકનું દીલ, બીજાના દીલની જગ્યાએ ઉગાડી–ઉછેરી શકાય છે. માનવવાદીઓ પોતાના દીલનું પ્રત્યારોપણ કરવાની મંજુરી આપીને વધુ સમય સુધી મહોરીને જીવનાનન્દ માણી શકે છે. જ્યારે રુઢીચુસ્ત લોકો પોતાનું દીલ સડી જાય, બળી જાય તેવું વીચારે છે.

દીલને ખીલવા દો. તે સડે કે બળે તેના કરતા બીજી વ્યક્તીને ઉછળતી–કુદતી કરી મુકે, એમાં ખોટું શું? કુદરતી અંગો નવી જગ્યાએ ખીલે, મહોરી ઉઠે એનાથી મોટો ચમત્કાર હોઈ શકે નહીં.

લેખીકા સમ્પર્ક : jigishadoshi@gmail.com



‘જીવનદાન’ (Donate Life)

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



લોકોને જીવવા યોગ્ય અને બહેતર વીશ્વ બનાવવાના દૃઢ નીર્ધાર સાથે ડીસેમ્બર 4, 2014ના રોજ સુરતમાં ‘ડોનેટ લાઈફ’ની સ્થાપના કરવામાં આવી છે. આ બીન નફાકારક સ્વૈચ્છીક સંસ્થાના મુખ્ય બે હેતુઓ જોઈએ :

(1) કેડેવર ઓર્ગન ડોનેશન(બ્રેઈન–ડેડ વ્યક્તીના અંગદાન)ની આખી પ્રક્રીયાને સરળતાથી સમજાવીને ‘અંગદાન’ અંગે લોકજાગૃતી ફેલાવવી.

(2) ભારતભરમાં કીડની અને યકૃત જેવા અંગોના દરદીઓની નીષ્ફળતાની સંખ્યા અને 'અંગદાન–દાતા'ઓની સંખ્યા વચ્ચેનો તફાવત ઓછો કરી, વધુમાં વધુ દરદીઓને નવજીવન આપવું.



વૉકથોન ફોર ઓર્ગન ડોનેશન

ભારતમાં 20 લાખથી વધુ દર્દીઓ કીડનીની બીમારીથી પીડાય છે અને તેઓ કીડની ટ્રાન્સપ્લાન્ટની રાહ જોઈ રહ્યા છે. જેમાં દર વર્ષે 2 લાખ દર્દીઓનો ઉમેરો થાય છે. એની સામે વર્ષ દરમીયાન 4,000 કીડનીઓ ટ્રાન્સપ્લાન્ટ થાય છે. એ પૈકી માત્ર 1 ટકો જ કેડેવેર ટ્રાન્સપ્લાન્ટ થાય છે. હૃદય, લીવર, સ્વાદુપીંડ અને નેત્ર સમ્બન્ધીત રોગોની સંખ્યા પણ આઘાતજનક છે. દર વર્ષે પાંચ લાખ લોકો 'અંગદાન'ના અભાવે મૃત્યુ પામે છે. આ ચીન્તાજનક પરીસ્થીતીમાંથી વધુમાં વધુ દરદીઓની જીન્દગી બચાવીને નવજીવન બક્ષવાના દૃઢ નીર્ધાર સાથે 'ડોનેટ લાઈફ'ના સ્થાપક શ્રી. નીલેશ માંડલેવાલાએ 2005થી આ ઉમદા કાર્ય માટે જીવન સમર્પીત કર્યું છે. પાંચ આંગળીઓ

ભેગી મળીને જે કામ કરી શકે છે તે એક આંગળી કરી શકતી નથી. તે સુત્રને ધ્યાનમાં રાખીને તેઓએ 'ડોનેટ લાઈફ'ના સ્થાપક ટ્રસ્ટીઓ અને સ્વયંસેવકોના સહયોગ, સહકાર અને ટીમવર્કથી માનવતાનું આ શ્રેષ્ઠ કાર્ય શરુ કરી, તેઓએ સફળતાના અનેક શીખરો સર કર્યા છે.

તા. 5 ઓગસ્ટ, 2018 સુધીમાં સુરત અને દક્ષીણ ગુજરાતમાંથી બ્રેઈન–ડેડ વ્યક્તીઓના પરીવારજનોને 'અંગદાન' અંગે માર્ગદર્શન અને તેનું મહત્ત્વ સમજાવીને 'ડોનેટ લાઈફ', સુરતે ભારતભરમાં અને વૈશ્વીકસ્તરે 624 (**છસ્સો ચોવીસ**) દરદીઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

લાભાર્થીઓની સંખ્યા	'ડોનેટ લાઈફ', સુરતને દાનમાં મળેલ અંગો				
	કીડની	યકૃત	હૃદય	સ્વાદુપીંડ	આંખ
624	269	108	18	06	226

ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદમાં જે કેડેવરીક ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થાય છે તેમાંથી 50 ટકાથી વધુ અંગદાન 'ડોનેટ લાઈફ', સુરતે કરાવ્યા છે. મુમ્બઈની ફોર્ટીસ હૉસ્પીટલમાં થયેલ ટ્રાન્સપ્લાન્ટના 20% હૃદય–પ્રત્યારોપણ 'ડોનેટ લાઈફ' સુરતે સાકાર કર્યાં છે. સત્તાવાર રીતે આ આંકડાઓ જોઈએ તો ગુજરાત રાજ્યમાં સુરત જેવી નહીં; પણ સુરતના

આંકડાઓની નજીકની કામગીરી અન્ય કોઈ શહેર કે મહાનગર કરી શક્યું નથી.

ગુજરાતભરમાં પહેલી વખત સુરત શહેરમાં 18 (અઢાર) વખત હૉસ્પીટલથી એરપોર્ટ સુધીના માર્ગનો **‘ગ્રીન કૉરીડોર’** રચવામાં આવ્યો હતો. સુરત શહેર પોલીસે તે અંગે ખાસ જાહેરનામું પણ પ્રસીદ્ધ કર્યું છે. પશ્ચીમ ભારતમાં સૌ પ્રથમ વખત ‘ડોનેટ લાઈફ’ દ્વારા સુરતથી આંતરરાજ્ય કક્ષાએ હૃદય–વહન કરીને મુમ્બઈની હૉસ્પીટલોમાં સફળ પ્રત્યારોપણ કરવાની પહેલ કરી હતી.



હેલીકોપ્ટર દ્વારા હૃદયનું પરીવહન

ગુજરાત રાજ્યમાં હાડકાઓનું દાન મેળવવામાં પણ ‘ડોનેટ લાઈફ’, સુરતને સૌ પ્રથમ સફળતા મળી છે.

‘ડોનેટ લાઈફે’ અત્યાર સુધીમાં 18 (અઢાર) હૃદયના દાન કરાવ્યા છે. તેમાંથી મુમ્બઈની વીવીધ હૉસ્પીટલોમાં 13 હૃદય(ઈન્ટર નેશનલ રજીસ્ટ્રેશને કારણે સુરતના બે હૃદય મુમ્બઈમાં ટ્રાન્સપ્લાન્ટ થઈને યુએઈ અને યુક્રેઈનની દીકરીઓમાં ધબકે છે), અમદાવાદની કેર ઈન્સ્ટીટ્યુટ ઑફ મેડીકલ સાયન્સ (CIMS)માં 03 હૃદય, ચેન્નઈની હૉસ્પીટલમાં 01 હૃદય અને ઈન્દોરની હૉસ્પીટલમાં 01 હૃદય પ્રત્યારોપણ કરાવવામાં આવ્યા છે.



અંગદાતાના સ્વજનોના સન્માન પ્રસંગે મહામહીમ રાષ્ટ્રપતીશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રી, ‘ડોનેટ લાઈફ’ના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને અંગદાતાના સ્વજનો

'ડોનેટ લાઈફ' સુરત મારફત છેલ્લા એક વર્ષમાં બ્રેઈન–ડેડ વ્યક્તીઓના અંગોનું દાન મેળવ્યું હતું, તેમના સ્વજનોનું સન્માન તા. 29 મે, 2018ના રોજ સુરત ખાતે મહામહીમ રાષ્ટ્રપતી શ્રી. રામનાથ કોવીંદે કર્યું હતું. આ સમારોહમાં ગુજરાતના મહામહીમ રાજ્યપાલ શ્રી. ઓમ પ્રકાશ કોહલી તેમ જ મુખ્યમન્ત્રી શ્રી. વીજય રુપાણી પણ ઉપસ્થીત રહ્યા હતા. આ સર્વ મહાનુભવોએ અંગદાતાના સ્વજનોની તથા 'ડોનેટ લાઈફ' સુરતની પ્રસંશા કરીને સર્વને બીરદાવ્યા હતા. સમાજના વધુને વધુ લોકોને આ કાર્યમાં સહભાગી થવા તેઓએ અપીલ પણ કરી હતી.

'ડોનેટ લાઈફ'ની પ્રસંશનીય કામગીરીથી પ્રેરાયને બ્રીટીશ ડેપ્યુટી હાઈ કમીશ્નર જ્યોફ વેઈને સુરત શહેરને ગુજરાતનું ઓર્ગન ડોનેશનનું કેપીટલ ગણાવ્યું હતું.

'ડોનેટ લાઈફ' સુરત શહેર અને દક્ષીણ ગુજરાતમાં 'અંગદાન' અંગે જાગૃતી ફેલાવવા શાળા/કોલેજોના કાર્યક્રમો, જ્ઞાતીના મેળાવડાઓ, જાહેર કાર્યક્રમો, જાહેર પ્રદર્શનો, શેરી નાટકો, વૉક ફોર ઓર્ગન ડોનેશન, પતંગ ઉત્સવ યોજીને તેમ જ સુરતના ટ્રાફીક સીગ્નલ પર 'ડોનેટ લાઈફ'ના પદાધીકારીઓ અને સ્વયંસેવકો પહોંચી જઈને સર્વને માર્ગદર્શન આપે છે.

સુરતની 'ડોનેટ લાઈફ' સંસ્થા ચેરીટી કમીશ્નરશ્રી, સુરતમાં નોંધણી નં. E–7652થી નોંધાયેલી સંસ્થા છે. આ સંસ્થાને

મળેલું દાન ‘આવકવેરા અધીનીયમ 1961’ની કલમ : 80 (જી) (5) હેઠળ કરમુક્ત છે.



‘ડોનેટ લાઈફ’, સંસ્થાના પદાધીકારીઓ અને સ્વયંસેવકો

ધર્મ, જ્ઞાતી–જાતી, ઉચ્ચતા–શુદ્રતા, અમીર–ગરીબના ભેદભાવ ત્યજીને લોકો ‘અંગદાન’ કરશે તો પ્રત્યારોપણની રાહ જોતા દરદીઓને નવજીવન અને નવી રોશની પ્રાપ્ત થશે. ‘ડોનેટ લાઈફ’ સંસ્થા, આઈ.ડી.બી.આઈ. બેંક સામે, કાસા નગર, કતારગામ, સુરત–395 004 સેલફોન : +91 75730 11101/ 75730 11103 સરનામે સમ્પર્ક કરી, અથવા વેબસાઈટ : http://www.donatelife.org.in/ ની મુલાકાત લઈને વધુને વધુ ‘અંગદાન’ કરવા સૌને વીનન્તી છે.



6

દીકરીએ 'મા'ને આપ્યું જીવનદાન

અનુક્રમણીકા

–જીગીષા જૈન



વર્ષાબહેન અને તન્વી મહેતા

દીકરીને જન્મ આપતી વખતે વર્ષા મહેતાને લોહીની જરુર પડતાં બહારનું લોહી ચડાવવામાં આવ્યું. એ લોહીને કારણે તેમને લીવરની ઘાતક બીમારી 'હેપેટાઈટીસ C' થઈ ગઈ. આ બીમારી માટે પોતાને જવાબદાર સમજતી 30 વર્ષની તન્વી મહેતાએ મમ્મીને લીવરનો એક ભાગ દાનમાં આપીને તેમને નવું જીવન બક્ષ્યું છે. બીરદાવીએ એક દીકરીની કર્તવ્યનીષ્ઠાને..

'મા' બાળકને જન્મ આપતી હોય છે, તેનું પાલનપોષણ કરતી હોય છે, પોતાની મમતાથી તેનું સીંચન કરતી હોય છે. 'મા'ની આ મમતા અને ત્યાગનું ઋણ ચુકવવું અઘરું છે; પણ મારા જેવાને 'મા'નું ઋણ ચુકવવાનો મોકો મળતો હોય છે. 'મા'નું સ્થાન દરેક બાળકના જીવનમાં ખાસ હોય છે. હું ખુશ છું કે મારા 'અંગદાન'થી આજે મારી 'મા' મારી સાથે છે. તે ન હોય એ કલ્પના પણ મારા માટે અસહ્ય છે.

આ શબ્દો છે ૩૦ વર્ષની તન્વી મહેતાના, જેણે 2015ના જુનમાં પોતાની મમ્મી વર્ષા મહેતાને પોતાના લીવરનો એક ભાગ દાનમાં આપીને તેમને નવજીવન આપ્યું હતું. આજે વર્ષાબહેન એક નૉર્મલ વ્યક્તીની જેમ તન્દુરસ્ત જીવન જીવી રહ્યાં છે.

2007માં વર્ષાબહેનના ઝાડામાં લોહી પડતું હતું, જેને લીધે ડૉક્ટરે ટેસ્ટ કરાવવા કહ્યું ત્યારે ખબર પડી કે વર્ષાબહેનને લીવરની બીમારી 'હેપેટાઈટીસ C' છે. આ બીમારીનું કારણ 'હેપેટાઈટીસ C' નામનો વાઈરસ છે, જે લોહી દ્વારા ફેલાતો હોય છે. પોતાના આ રોગનું કારણ સમજાવતાં વર્ષાબહેન કહે છે, 'મારે બે દીકરીઓ છે. બીજી દીકરી એટલે કે તન્વીના જન્મ વખતે મને બે બૉટલ લોહી ચડાવવામાં આવી હતી. એક બૉટલ લોહી મારા ઘરની વ્યક્તીએ જ આપેલું અને બીજી બૉટલ બહારથી લાવ્યા હતા. જે બ્લડ દાનમાં આપવામાં આવે એ બ્લડમાં હેપેટાઈટીસના વાઈરસ છે કે નહીં એ ચકાસીને પછી જ લોહી ચડાવવાનો નીયમ 1985માં નહોતો. સન 2002થી બ્લડમાં હેપેટાઈટીસ ચકાસીને જ દરદીને લોહી ચડાવવું એવા નીયમ અમલમાં આવ્યો છે.

વળી આ વાઈરસ તમારા શરીરમાં જાય એટલે તરત અસર કરે એવું નથી હોતું. વર્ષો પછી એ સામે આવે છે અને એવું જ મારી સાથે થયું.'

લગભગ આજથી નવ વર્ષ પહેલાંની પોતાની ભાવના વ્યક્ત કરતાં તન્વી કહે છે, 'જ્યારે મને ખબર પડી કે મમ્મીને મારા જન્મ વખતે ચડેલા લોહીથી આ પ્રૉબ્લેમ થયો છે ત્યારે તે માટે ક્યાંક ને ક્યાંક હું જવાબદાર છું તેવું મને લાગતું હતું. હૉસ્પીટલનાં ચક્કર, આર્થીક પ્રૉબ્લેમ્સ, મારી મમ્મીને આટલી બધી પીડા ભોગવવી પડે છે આ બધા માટે હું અપરાધભાવથી ભરાઈ ગઈ હતી.. મને સતત લાગતું કે હું એવું શું કરું કે જેથી મમ્મીની આ પીડાને દુર કરી શકું.'

'હેપેટાઈટીસ C' ને કારણે વર્ષાબહેનની તબીયત બગડતી ચાલી. હૉસ્પીટલમાં દાખલ થવાના કીસ્સાઓ વધતા ચાલ્યા. શરીરમાં ખુબ પાણી ભરાઈ જતું હતું, જે ખેંચવા માટે હૉસ્પીટલમાં દાખલ થવું પડતું. ઘરની તમામ જવાબદારી તન્વી પર આવી ગઈ અને તેણે એ ખુબ સારી રીતે નીભાવી. વર્ષાબહેનને 'હેપેટાઈટીસ C'ની તકલીફ વધતાં લીવર વધુ બગડતું ચાલ્યું અને સીરૉસીસની બીમારી પણ આવી પડી એટલે કે લીવર ફેલ થવાની અણી પર આવી ગયું. ડૉક્ટર્સ દ્વારા જણાવવામાં આવ્યું કે જો લીવર ટ્રાન્સપ્લાન્ટ ન થયું તો વર્ષાબહેન નહીં બચે. વળી ડૉક્ટરે આ માટે નીર્ણય જલદી લેવાનું પણ કહ્યું હતું; કારણ કે જો વાર લગાડશો તો વર્ષાબહેનનો જીવ જોખમમાં હતો. કોઈ મૃત વ્યક્તી જીવીત હતી ત્યારે પોતાની સ્વેચ્છાએ અંગદાનની ઈચ્છા વ્યક્ત કરી હોય અથવા ઘરના લોકો જ દરદીને લીવર દાનમાં આપી શકે છે

એવો નીયમ છે. બહારથી દાન મળે એની રાહ જોવા જેટલો સમય નહોતો. વર્ષાબહેનની ફૅમીલીમાં તેમના પતીને ડાયાબીટીઝ અને બ્લડ–પ્રેશર છે એટલે ડૉક્ટરે તેમનું લીવર લેવાની ના પાડી. તેમની મોટી દીકરીનું લીવર મૅચ ન થયું અને તન્વીનું લીવર મૅચ થઈ ગયું. વર્ષાબહેનના જમાઈ પણ પોતાનું લીવર આપવા તૈયાર હતા; પરન્તુ તન્વીનું લીવર મૅચ થયું એટલે તન્વીએ નીર્ણય લીધો કે મમ્મીને હું જ લીવર આપીશ.

જીવનનું સૌથી પહેલું ઑપરેશન અને એ પણ આટલું મોટું હોય ત્યારે ડર ન લાગ્યો? આ પ્રશ્નનો જવાબ આપતાં તન્વી કહે છે, ‘મને એક પણ વાર એવું નથી લાગ્યું કે મારે આવું ન કરવું જોઈએ. પહેલી વાત એ કે મારા અંગદાનથી મારી મમ્મીનો જીવ બચવાનો હતો. બીજી વાત એ કે ઑપરેશન પહેલાં ડૉક્ટરે અમને આખી પ્રોસેસ સમજાવી હતી. મારા લીવરનો એક ભાગ મમ્મીને દાનમાં આપવાથી મારા શરીરમાં કોઈ અસર થવાની નહોતી. મારા અંગત જીવનમાં પણ એનાથી કોઈ ફરક પડવાનો નહોતો. આ ખુબ સેફ હતું. ડૉક્ટરની વાત પર મને પુરો વીશ્વાસ બેઠો હતો અને એટલે જ મને કોઈ ડર નહોતો. ડરની વાત તો જવા દો, હું તો ખુબ ખુશ હતી; કારણ કે મારો જે અપરાધભાવ હતો કે મારે લીધે મમ્મીને આ રોગ થયો એ પણ આ ઘટનાથી જતો રહ્યો હતો.’

તન્વીના અંગદાન વીશે ગર્વ અનુભવતાં વર્ષાબહેન કહે છે, ‘મને ખુબ ગર્વ છે કે તન્વી મારી દીકરી છે. તે હજી અપરીણીત છે છતાં

તેણે એક વાર પણ એવો વીચાર ન કર્યો કે તેના આ પગલાથી જો તેને છોકરો મળવામાં તકલીફ થશે તો શું થશે? બને કે લોકો તેના સ્વાસ્થ્યને લઈને શંકા કરે તો તે કેટલા લોકોને સમજાવતી ફરશે કે તે સાવ નૉર્મલ છે? હજી આજે પણ લોકો દીકરીને બોજ સમજતા હોય છે, પરન્તુ એવા લોકોને હું સમજાવવા માગું છું કે દીકરી હમ્મેશાં નીસ્વાર્થભાવે માતા–પીતાને પ્રેમ કરતી હોય છે અને જરુરતના સમયે તે કોઈ પણ પ્રકારનો ત્યાગ કરવા તૈયાર રહે છે.'

વર્ષાબહેનની ચીંતા વીશે તન્વી કહે છે, 'જે લોકો ભણેલા–ગણેલા છે અને સમજુ છે તેમને ખબર છે કે લીવરદાન કરવાથી વ્યક્તીના જીવન પર કોઈ અસર થતી નથી. મારા જીવનસાથીમાં હું આટલી સમજણ હોવાની અપેક્ષા રાખું છું અને જો એ કોઈ છોકરો ન સમજી શકે તો હું સમજીશ કે તે મારે લાયક જ નથી. ઉલટું જેટલા પણ લોકો જાણે છે કે મેં આ કર્યું છે તે મારી કર્તવ્યનીષ્ઠાને બીરદાવી રહ્યા છે. વ્યક્તી પોતાનાં માતા–પીતા માટે નહીં કરે તો બીજા કોના માટે કરી શકે? મેં જે કર્યું છે એ મારી ફરજ સમજીને કર્યું છે અને મને ખુશી છે કે મેં મારી માને બચાવી લીધી છે.'

લેખીકા સમ્પર્ક : જીગીષા જૈન jigishadoshi@gmail.com



7

મીનાબહેને લોકોની દીવાળી સુધારી


અનુક્રમણીકા

–રોહીત પરીખ



મેઘવાળ સમાજના 44 વર્ષના મીનાબહેન સોંદરવાને ડૉક્ટરોએ બ્રેઈન–ડેડ જાહેર કરતાં, તેમના પતી ભાણજીભાઈ સોંદરવાએ મીનાબહેનનાં હાર્ટ, લીવર, કીડની, આંખો અને સ્કીન ડોનેટ કરીને માનવતાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પુરું પાડ્યું હતું.

મુમ્બઈના લોઅર પરેલમાં રહેતાં અને જસલોક હૉસ્પીટલના કર્મચારી મીનાબહેનને બે વર્ષ પહેલાંથી તેમના પેટમાં જમવાનું ટકતું ન હતું, ઉલટીઓ થવી, શરીરમાં અશક્તી લાગવી જેવી તકલીફો થતી હતી. તેઓ મુમ્બઈની જસલોક હૉસ્પીટલમાં ડૉક્ટર સુધીર આંબેકરની સારવાર હેઠળ હતા. તબીબી તપાસમાં ખબર પડી કે તેમને 'મોયામોયા' થયો છે.



ચીત્ર સૌજન્ય : ગુગલ વેબસાઈટ

'મોયામોયા' રોગમાં માણસનાં બે મગજને જોડતી નસોમાં બ્લૉકેજ થઈ જાય છે. મગજમાં લોહીની ગાંઠ જામી જાય છે. આ પરીસ્થીતીને લીધે દરદી ઍબ્નોર્મલ બની જાય છે. આ રોગ પાંચ લાખ લોકોમાંથી માંડ એક વ્યક્તીને થતો હોય છે. જપાનમાં 1960માં આ રોગની શોધ થઈ હતી. આ રોગના દરદીઓ એશીયન દેશોમાં વધુ જોવા મળે છે. 'મોયામોયા' અર્થાત્ 'પફ ઑફ સ્મોક'. આ રોગના દરદીની નસનું બ્લૉકેજ ખોલી કાઢવામાં આવે અને જો લોહીનો પ્રવાહ રુટીનમાં કામ કરતો થઈ જાય તો એ દરદી ફરીથી નૉર્મલ બની જાય છે. નાની ઉમ્મરનાં બાળકો આ રોગમાં જલદી સાજાં થઈ જતાં હોવાનું નોંધાયું છે.

મીનાબહેનને 'મોયામોયા' રોગમાંથી મુક્તી મળે તે માટે તેમનાં જમણી બાજુંનાં મગજનું ઑપરેશન કરવામાં આવ્યું હતું. તેમાં સફળતા મળતાં, ડૉક્ટરે ડાબી બાજુના મગજનું ઑપરેશન બે મહીના પછી કરવાનો નીર્ણય લીધો હતો. બીજું ઑપરેશન કરવાના સમય પહેલાં જ તેમનાં મગજમાં ઈન્ફેક્શન થવાથી ડૉક્ટરે ઑપરેશનની તૈયારી કરી હતી. તે પહેલાં 23 ઑક્ટોબરે મીનાબહેનની તબીયત બગડી, એટલે તેમને હૉસ્પીટલમાં ઍડ્મીટ કર્યાં હતી. તપાસ કરતાં ખબર પડી કે મગજની નસો ફાટી ગઈ છે અને તેમનું બ્રેઈન–ડેડ થઈ ગયું છે.

ડૉક્ટરોએ મીનાબહેનને બ્રેઈન–ડેડ જાહેર કર્યાં. હવે બીજી કોઈ સારવાર કરવાની રહેતી જ નથી. તેમનાં હાર્ટ, લીવર, કીડની, ચક્ષુઓ, સ્કીન બરાબર કામ કરે છે એટલે તેમનાં પતીએ 'અંગદાન' કરવાનો નીર્ણય લીધો. મીનાબહેન અને ભાણજીભાઈને ત્રણ દીકરી અને એક દીકરો છે. એમાંથી એક દીકરી પરણી ગઈ છે. આ ચારેય તથા અન્ય પરીવારજનો સાથે 'અંગદાન' અંગે ભાણજીભાઈએ ચર્ચા કરી, પરીવારજનોએ 'અંગદાન' કરવાના નીર્ણયને આવકાર્યો.

'અંગદાન'ની સમ્મતી મળતા જ ડૉક્ટરોએ એક પછી એક ઑર્ગન ચેક કરવાનું શરૂ કર્યું. ચેકઅપમાં તેમણે જોયું કે નાની ઉમ્મરને લીધે મીનાબહેનના બધાં જ ઑર્ગન મજબુત છે. તેમણે તરત જ તરત જ મુલુંડની ફોર્ટીસ હૉસ્પીટલનો સમ્પર્ક કરીને 'અંગદાન'ની તૈયારી શરુ કરી અને રાતના બાર વાગ્યા સુધીમાં હાર્ટ, લીવર, કીડની, આંખો અને

સ્કીન જરુરીયાતમંદ દરદીઓને ટ્રાન્સપ્લાન્ટ કર્યાં અને મીનાબહેન કેટલાયની દીવાળી હેપી કરી ગયાં.

મીનાબહેનના પતીએ કહ્યું હતું કે, ‘મીનાના ‘અંગદાન’થી જસલોક હૉસ્પીટલ અને ફોર્ટીસ હૉસ્પીટલ વચ્ચે એક નવો સમ્બન્ધસેતુ રચાયો હતો. ડૉક્ટરોની ટીમ ખુબ જ ખુશ હતી. મૅનેજમેન્ટે પણ મને ખુબ ધન્યવાદ આપ્યાં હતાં. મીનાબહેને છથી વધુ લોકોને જીનવદાન આપ્યું એનો મને આનન્દ છે. એક હૉસ્પીટલના કર્મચારીએ તેની જ હૉસ્પીટલ દ્વારા ઑર્ગન ડોનેટ કર્યાનો આ પહેલો પ્રસંગ હતો.’

અંગદાન

અંગ છે અનેક દાન દે દાતાર
ગર્વ ઉભરાય ઈ કરે અંગદાન
દાન દુઃખ ભુલી સુખ આપવું
નવજીવન બક્ષવું ઈ નીર્ણય દાન


●સહદેવભાઈ દેસાઈ●
બી-24, વીભાગ 7, પ્રાશ્વનાર્થ ટાઉનશીપ,
શક્તી ચોક, નવા નરોડા. અમદાવાદ.
સેલફોન : 9537648648
sg.desai@orientalinsurance.co.in



‘કીડનીદાન’ મહાદાન

અનુક્રમણીકા

– અલ્પા નીર્મલ



જીતુ અને રક્ષા શાહ

પત્નીની કીડની સાથે એક જ ટકો મૅચ થતી હોવા છતાં પત્નીને ધરાર પોતાની એક કીડની ડોનેટ કર્યા પછીયે નૉર્મલ અને હેલ્ધી જીવન જીવી રહેલા પતીને મળીએ. ‘સપ્તપદી’ના ફેરા ફરતી વખતે યુગલ એકબીજાનું પોષણ કરીશું, વીકાસ–વૃદ્ધીમાં પરસ્પર મદદગાર રહીશું, સમૃદ્ધી વધારીશું અને સાચવીશું, સંવાદીતા–સમજણ સાથે સહજીવન ગાળીશું, એકબીજાની જવાબદારી નીભાવવામાં સહકાર

આપીશું, સન્તાનોનો સારો ઉછેર કરીશું અને દરેક પરીસ્થીતીમાં એકબીજાને સાથ આપીશું જેવાં વચનોથી બન્ધાય છે. જો કે સાંતાક્રુઝમાં રહેતા જીતુ શાહ સપ્તપદીથી એક સ્ટેપ આગળ વધ્યા છે. તેમણે પોતાનાં ધર્મપત્નીને પોતાની કીડની આપીને તન્દુરસ્ત અને આરોગ્યમય જીવન આપવાનું આઠમું વચન નીભાવ્યું છે.

મુમ્બઈ યુનીવર્સીટીમાં જૈનોલૉજીનાં લેક્ચરર અને મેક્સીકો, સ્પેન, ઑસ્ટ્રેલીયામાં પાર્લમેન્ટ ઑફ વર્લ્ડ રીલીજીયનમાં જૈન ધર્મના પ્રતીનીધી તરીકે જઈ આવનારાં રક્ષાબહેન કહે છે, '1994માં રુટીન બૉડી ચેકઅપમાં મને ખબર પડી કે મારું ક્રીએટીન–લેવલ હાઈ છે. ડૉક્ટરોએ કહ્યું કે બે–ત્રણ વર્ષમાં કીડની–ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડશે, પણ બીઈંગ અ નેચરોપૅથ, મને થયું કે હું કુદરતી ઉપચાર વડે આ સમસ્યાનો નીકાલ કરીશ અને મેં કુદરતી ચીકીત્સાપદ્ધતી અનુસાર ડાયટ કન્ટ્રોલ કર્યો અને તુલસીનો રસ ચાલુ કર્યો.'

આ ઉપચાર દ્વારા રક્ષાબહેને કીડની–ટ્રાન્સપ્લાન્ટનો પ્લાન પુરાં 18 વર્ષ પાછળ ઠેલ્યો. 61 વર્ષનાં રક્ષાબહેન કહે છે, 'જ્યારે કીડની–પ્રૉબ્લેમ ઍક્યુટ લેવલ પર હોય તો એ રીવર્ટ થવાના ચાન્સ હોય છે. યોગ્ય ખોરાક, કસરત, કુદરતી ઉપચારો અને અન્ય પથી અપનાવતાં કીડની–ટ્રાન્સપ્લાન્ટને લમ્બાવી શકાય છે; પણ ક્રોનીક લેવલ આવતાં કીડનીનું પ્રત્યારોપણ જ એકમાત્ર ઈલાજ બની રહે છે.'

18 વર્ષ સુધી હેલ્ધી લાઈફ–સ્ટાઈલ અપનાવી વીશ્વના અનેક દેશોમાં જૈનોલૉજીનો પ્રચાર કરનારાં રક્ષાબહેનની તન્દુરસ્તી ટકાટક હતી; પણ અચાનક 2012માં તેમને હેલ્થમાં તકલીફ થઈ અને ડૉક્ટરોએ અલ્ટીમેટમ આપી દીધું કે હવે 10 દીવસમાં કીડની–ટ્રાન્સપ્લાન્ટ કરાવવું જ પડશે. રક્ષાબહેન કહે છે, ‘એ સાંભળતાં જ મારાં દીકરા–દીકરીએ કહી દીધું કે અમે તને કીડની આપીશું. જો કે મારે કોઈને તકલીફ નહોતી આપવી એટલે હું ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર નહોતી થતી; પણ એ દરમ્યાન મારા હસબન્ડે કહ્યું કે હું જ તને કીડની આપીશ.’

આમ તો કીડની–ફેલ્યૉરના પેશન્ટ માટે ડૉક્ટરો ફસ્ટ પ્રેફરન્સ સગાં ભાઈ–બહેન કે મમ્મી–પપ્પાની કીડનીને આપે છે; કારણ કે દરદીને તેમની કીડની મૅચ થવાના ચાન્સીસ સૌથી વધુ છે; પણ જીતુભાઈની મમતે ડૉક્ટરોએ તેમના બધા ટેસ્ટ કર્યા. જીતુભાઈનું માનવું હતું કે ઘણા પેશન્ટને અજાણ્યા મૃત માનવીઓની કીડની અપાય જ છે, તો મારી પણ આપી જ શકાશે. જીતુભાઈની કીડની રક્ષાબહેનની કીડની સાથે ફક્ત એક ટકો મૅચીંગ હતી; પણ ડૉક્ટરોએ જીતુભાઈનો પત્ની પ્રત્યેનો પ્રેમ જોઈને તેમની કીડની રક્ષાબહેનમાં ટ્રાન્સપ્લાન્ટ કરી આપી.

રાઈડીંગ, રાઈફલ–શુટીંગ, પૅરાસેઈલીંગ જેવી અનેક રમતોના શોખીન જીતુભાઈ કહે છે, ‘2012ના માર્ચ મહીનામાં મેં કીડની ડોનેટ કરી અને જસ્ટ આઠ દીવસના નૉર્મલ આરામ બાદ હું ફરી પાછો સમ્પુર્ણ સક્રીય થઈ ગયો. એક મહીનામાં તો મેં મને ગમતી બધી

એડ્વેન્ચર–એક્ટીવીટી પણ ચાલુ કરી દીધી. આજે 63 વર્ષની ઉમ્મરે હું ફીટ એન્ડ ફાઈન છું. કીડની આપવાથી મારી હેલ્થ જરા પણ લથડી નથી.'

ઘણી વાર જોવામાં આવ્યું છે કે અમુક વર્ષોના સહવાસ પછી પતી–પત્નીના ગમા–અણગમા, આદતો, – ઈવન દેખાવ પણ; એકસરખો થતો જાય છે ત્યારે શાહદમ્પતીના કેસમાં તો તેમની કીડની પણ એક જ છે. જીતુભાઈ કહે છે, 'હું ઘણી વખત મજાકમાં કહું છું કે મારી અને રક્ષાની કીડની ક્વીન્સ છે.'

લેખીકા સમ્પર્ક : alpanirmal@gmail.com



9

શાહદમ્પતીની ‘અંગદાન–ઝુમ્બેશ’

અનુક્રમણીકા

–જયેશ શાહ



કલ્પેશ શાહ અને હેમીના શાહ

માનવદેહના અવયવોનો મૃત્યુ બાદ કઈ રીતે ઉપયોગ કરીને અનેક લોકોની જીન્દગી બચાવી શકાય એ અંગેની જાગૃતી લાવવા બોરીવલીમાં રહેતા એક કચ્છી દમ્પતીએ બીડું ઝડપ્યું છે. કઈ રીતે, કયા અને કેવા સંજોગોમાં માનવશરીરનાં કેટલાં અંગદાન કરી શકાય એની આ દમ્પતી રોડ–શૉ કરીને, રેલવે–સ્ટેશનોની આસપાસ ફરીને અને સેમીનારો યોજીને લોકોને સમજણ આપી રહ્યું છે. આ ઝુંબેશ

અસરકારક બની રહે એ માટે તેમણે વડા પ્રધાનને એક પત્ર લખીને અપીલ કરી હતી અને રેડીયો પર આવતા ‘મન કી બાત’ના એક એપીસોડમાં લોકોને અંગદાન માટે આગળ આવવા નરેન્દ્ર મોદીએ અપીલ પણ કરી હતી. કોઈ પણ સારા કાર્યની શરુઆત પહેલાં આપણાથી કરવી જોઈએ એ કહેવત મુજબ આ કચ્છી દમ્પતીએ પોતે પણ ઑર્ગન અને ટીશ્યુ ડોનેશન અંગેનું ફૉર્મ ભર્યું છે અને ડોનર–કાર્ડ મેળવીને આ જ પ્રકારે અન્ય લોકોને ફૉર્મ ભરવા અને ડોનર–કાર્ડ અપાવવા માટે જરુરી માર્ગદર્શન આપી રહ્યું છે.

કઈ રીતે પ્રેરણા મળી?

પ્રાઈવેટ કમ્પનીમાં એક્સાઈઝ–મૅનેજરની જૉબ કરતા 41 વર્ષના કમલેશ શાહ અંગદાનની ઝુમ્બેશ ચલાવવાની પ્રેરણા કઈ રીતે મળી એ વીશે વાત કરતાં ‘મીડ–ડે’ને કહે છે, ‘કાંદીવલીમાં રહેતી મારી કઝીન ભાવી દીપેશ શાહને એપ્રીલ 2015માં હાર્ટ બદલવાની જરુર ઉભી થઈ. અમે હાર્ટ મેળવવા માટે કોશીશ શરુ કરી દીધી. થાણેની એક હૉસ્પીટલમાં બ્રેઈન–ડેડ મહીલાનું હાર્ટ મળ્યું; પરન્તુ એ નબળું હોવાનું ડૉક્ટરે જણાવ્યું એટલે પરીવારમાં નીરાશા વ્યાપી ગઈ. જો કે અમે કૅડેવર ડોનેશન માટે હૉસ્પીટલ દ્વારા પ્રયત્નો ચાલુ રાખ્યા. ચેન્નઈની એક હૉસ્પીટલમાં હાર્ટ ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું એટલે અમને ફરી આશા બંધાઈ. હાર્ટને માનવશરીરમાંથી કાઢ્યા બાદ ચાર કલાકમાં જરુરીયાતવાળા દરદીને બેસાડવું પડે છે. એટલે અમે આ હાર્ટને ચેન્નઈથી મુમ્બઈ ઍર–ઍમ્બ્યુલન્સમાં લાવવા તૈયાર થયા; પરન્તુ આ

વખતે અમને ઍર–ટ્રાફીક કન્ટ્રોલે રાતના સમયે સ્પેશ્યલ ઍર–ટ્રાફીકની વ્યવસ્થા કરવાનો નનૈયો ભણી દીધો. ફરી એક વખત અમને હાર્ટ મળવા છતાં મેળવવામાં નીષ્ફળતા સાંપડી હતી.

20 દીવસનો કીમતી સમય વીતી ગયો હતો. ડૉક્ટરના કહેવા મુજબ ભાવીની તબીયત વધુ લથડે એ પહેલાં અમારે કંઈક નીર્ણય કરવાનો હતો. એથી પરીવારે લેફ્ટ વેન્ટ્રીક્યુલર અસીસ્ટ ડીવાઈસ(LVAD) બેસાડવાનું નક્કી કર્યું અને એ માટે ઑપરેશનની તારીખ 2015ની 9 મે નક્કી કરી. જો કે કુદરતને કંઈક અલગ જ મંજુર હશે. ભાવીનું આગલી રાતે જ મોત થયું. પરીવારમાં ગમગીની છવાઈ ગઈ. ભાવીનાં બે ટ્વીન્સ બાળકો નવ વર્ષનો એક દીકરો અને એક દીકરી છે. એથી સમગ્ર પરીવાર આઘાતમાં સરી પડ્યો હતો. મુમ્બઈમાં ભાવીની હાર્ટ–ટ્રાન્સપ્લાન્ટની પહેલી સર્જરી યેનકેન રીતે સફળ ન થઈ એટલે મેં અને પત્ની હેમીનાએ નક્કી કર્યું કે સમાજમાં અંગદાન વીશે અવેરનેસની ઝુમ્બેશ ચલાવવી, જેથી સરળતાથી માનવજીન્દગી બચી શકે અને અનેક પરીવારોનો માળો તુટતો બચી શકે.’

કઈ રીતે જાગૃતી?

અવયવદાન વીશે જાગૃતી લાવવા વીશે હેમીના શાહ ‘મીડ–ડે’ને કહે છે, ‘અમે બોરીવલી, કાંદીવલી અને આસપાસનાં રેલવે–

સ્ટેશનો તેમ જ શહેરની વીવીધ હૉસ્પીટલોની બહાર અને કચ્છ યુવક સંઘના કાર્યક્રમમાં બૅનરો સાથે લોકોને કઈ રીતે, કેવા સંજોગોમાં ઑર્ગન અને ટીશ્યુ ડોનેટ કરી શકાય છે એની સમજણ આપીએ છીએ અને લોકોએ આપેલાં ઑર્ગન અને ટીશ્યુથી કઈ રીતે માનવજીન્દગી બચી શકે છે એ વીશે જાગૃતી લાવવાનું કામ કરીએ છીએ. સાથોસાથ ઑર્ગન અને ટીશ્યુ ડોનેશન જાહેર કરવા માટે 'ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કો–ઑર્ડીનેશન સેન્ટર' નામની સરકારી સંસ્થાનું ફૉર્મ લાવી લોકો પાસે ભરાવીને ડોનર–કાર્ડ લાવી આપીએ છીએ. અમે લોકોને એ વાત પણ સમજાવી રહ્યા છીએ કે કયું ઑર્ગન કેટલા સમયમાં માનવીના મોત બાદ કાઢીને ડોનેટ કરવું જરુરી છે. કેટલીક જ્ઞાતીમાં અન્ધવીશ્વાસના કારણે અંગદાન વીશે પુરતી જાણકારી ન હોવાથી એ વીશે ફેલાતો ભ્રમ દુર કરીએ છીએ. અંગદાન આપ્યા બાદ માનવીનો દેહ પાછો મળે છે એ વાત અમે લોકોને સમજાવીએ છીએ.

લોકોને અંગદાન કઈ રીતે કરવું એની પ્રૉપર ચૅનલ ખબર હોતી નથી એટલે અમે સમાજની વીવીધ જ્ઞાતીમાં સેમીનાર દ્વારા લોકોને સમજણ આપીએ છીએ. અમારા આ પ્રયત્નોથી કેટલાક લોકોએ ઑર્ગન અને ટીશ્યુ ડોનેશનનાં ફૉર્મ ભરીને અમને આપ્યાં છે.'

લેખક સમ્પર્ક : Jayin2020@gmail.Com



10

ચક્ષુદાન થકી બે વ્યક્તીઓને દૃષ્ટી

અનુક્રમણીકા

– જીગીષા જૈન

શરીરનો દરેક ભાગ આપણા માટે ખુબ જ અગત્યનો છે. એમાંથી સૌથી વધુ અગત્યની પાંચ ઈન્દ્રીયોને ગણી શકાય, જેના દ્વારા આપણે કોઈ પણ વસ્તુને અનુભવીએ છીએ અને ઓળખીએ પણ છીએ. આ પાંચ ઈન્દ્રીયોમાંની એક છે દૃષ્ટી. જો મને આંખ ન હોય તો...! એ કલ્પના માત્ર જ આપણને અન્દરથી હલાવી નાખે છે. ઘણા લોકો એવા જન્માન્ધ હોય છે તો ઘણા લોકો કોઈ ને કોઈ કારણસર પાછળથી દૃષ્ટીહીન થઈ જાય છે. જોઈ ન શકતી વ્યક્તીનું જીવન ખુબ સીમીત બની જતું હોય છે અને એ સીમીત હોવાને કારણે ખુબ કપરું પણ હોય છે. આ લોકો માટે આપણે શું કરી શકીએ? રોડ ક્રૉસ કરવામાં મદદ કરવાથી લઈને તેમને આર્થીક રીતે પગભર થવામાં મદદ કરીએ એવા કોઈ જવાબો તરત મગજમાં આવે; પરન્તુ એ તો નાની મદદો થઈ. આ લોકો માટે સૌથી મોટી મદદ એ છે કે આપણે આપણી આંખ તેમને

ડોનેટ કરીએ. જોઈ ન શકતી વ્યક્તી તમારી આંખથી જગતને ફરી જોઈ શકે એનાથી રુડી વાત બીજી કઈ હોઈ શકે?

'નૅશનલ પ્રોગ્રામ ફૉર કન્ટ્રોલ ઑફ બ્લાઈન્ડનેસ' જણાવે છે કે દુનીયાના બધા દષ્ટીહીન લોકોના વીસ ટકા દષ્ટીહીન લોકો 'કૉર્નીયલ ડીસીઝ'ને કારણે જોઈ નથી શકતા, જેમાંથી લગભગ 1,20,000 લોકો ભારતમાં છે અને દર વર્ષે 25,000–30,000 લોકોનો એમાં ઉમેરો થતો જાય છે. મૃત્યુ પછી દાન કરેલી આંખો કોઈ બીજાના જીવનને પ્રકાશ આપી જાય એ માટે વધુમાં વધુ લોકો 'નેત્રદાન' કરે એ જરુરી છે. નેત્રદાન કઈ રીતે કરી શકાય, કોણ કરી શકે અને એ દાન કરેલી આંખ કોને કામ લાગી શકે એ બાબતે આજે વીસ્તારથી જાણીએ :

•કૉર્નીયલ ડીસીઝ•

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન મુજબ દુનીયામાં દષ્ટીહીન થવાનું સૌથી મોટું કારણ 'કૉર્નીયલ ડીસીઝ' છે. એ પછી બીજા નમ્બરે 'ગ્લુકોમા' અને ત્રીજા નમ્બરે 'મોતીયો' આવે છે. આંખમાં આમ તો નાના–નાના ઘણા ભાગો છે, જેમાં આંખની આગળના ભાગમાં એક પારદર્શક પટલ હોય છે જે આપણી દષ્ટી માટે અત્યન્ત ઉપયોગી છે. આ કૉર્નીયા કોઈ પણ રીતે ડૅમેજ થાય તો માણસ દષ્ટીહીન થઈ શકે છે. એમાં પણ જો એ મધ્ય ભાગથી ડૅમેજ થયો હોય તો વ્યક્તી સમ્પુર્ણ રીતે દષ્ટીહીન બની જાય છે. કૉર્નીયાના પ્રૉબ્લેમથી કોણ દષ્ટીહીન બની શકે? આ પ્રશ્નનો જવાબ આપતાં 'વીઝન શંકરા', મલાડના કન્સલ્ટન્ટ

આઈ–સર્જ્યન, કૉર્નીયા, કેટરૅક્ટ ઍન્ડ રીફ્રૅક્ટીવ સર્જરી સ્પેશ્યલીસ્ટ ડૉ. **આશીષ બછાવ** કહે છે, ‘વીટામીન **‘એ’**ની ઉણપ, કોઈ પણ પ્રકારની ઈન્જરી કે ઍક્સીડન્ટ, કોઈ ખાસ ઈન્ફેક્શનને કારણે કૉર્નીયા ડૅમેજ થઈ શકે છે. કેટલાક કેસમાં જ્યારે મોતીયાનું ઑપરેશન વ્યવસ્થીત ન થયું હોય ત્યારે પણ કૉર્નીયા ડૅમેજ થઈ શકે છે. ઘણાં બાળકોને જન્મથી જ આ તકલીફ હોઈ શકે છે. જો કે આ પ્રૉબ્લેમ ખુબ ઓછો જોવા મળે છે. મોટા ભાગે મોટી ઉમ્મરે આ પ્રૉબ્લેમ આવે છે. 40 વર્ષે આંખની પાછળના ભાગમાં પાણી ભરાવા લાગે છે, જેથી વ્યક્તીને કૉર્નીયલ ડીસીઝ થાય છે. નહીંતર 55–60 વર્ષે આ પ્રકારની તકલીફ થઈ શકે છે.’

●ટ્રાન્સપ્લાન્ટ●

કૉર્નીયલ ડીસીઝને કારણે જે અન્ધાપો આવે એ ફક્ત ને ફક્ત કૉર્નીયા–ટ્રાન્સપ્લાન્ટ દ્વારા જ સૉલ્વ થઈ શકે. આ ટ્રાન્સપ્લાન્ટ જ એનો એકમાત્ર ઈલાજ થાય છે. અને એ તો જ થઈ શકે જો આ દરદીઓને કોઈ બીજી વ્યક્તીનો કૉર્નીયા મળે. એ માટે નેત્રદાન જરુરી છે. ટ્રાન્સપ્લાન્ટની સમજ આપતાં ડૉ. **આશીષ બછાવ** કહે છે, ‘કૉર્નીયલ ટ્રાન્સપ્લાન્ટનો સક્સેસ–રેટ 95 ટકા જેટલો ઉંચો છે. એક વ્યક્તી જે **‘નેત્રદાન’** કરે છે એના દ્વારા બે વ્યક્તીનું ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે છે. પહેલાં એવું હતું કે દરદીનો આખો કૉર્નીયા ટ્રાન્સપ્લાન્ટ થતો. હવે એવું છે કે કૉર્નીયાના આગળના કે પાછળના ક્યા ભાગમાં તકલીફ છે એ

જાણીને ફક્ત એ ભાગ જ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. આમ જો એક વ્યક્તી નેત્રદાન કરે તો બે વ્યક્તીઓને દૃષ્ટી આપી શકે છે.'

●'નેત્રદાન' કોણ કરી શકે?●

બીજા અંગદાન કરતાં નેત્રદાન એક એવું દાન છે જેનો લહાવો બધી જ વ્યક્તી લઈ શકે છે; કારણ કે લીવર, કીડની, હાર્ટ વગેરે અંગોના દાન માટે માણસ બ્રેઈન–ડેડ હોવો જરુરી છે. એટલે કે કોઈ કારણસર માણસ મગજથી મૃત્યુ તો પામ્યો હોય છતાં તેનું હાર્ટ ધબકતું હોય અને તેના જીવવાની કોઈ આશા ન હોય ત્યારે એવી વ્યક્તી જ લીવર, કીડની, હાર્ટ જેવાં અંગો દાન કરી શકે છે; જ્યારે નેત્રદાનમાં એવી કોઈ શરત નથી. કોઈ પણ રીતે મૃત્યુ પામેલી વ્યક્તી નેત્રદાન કરવાને લાયક હોય છે. ઘણા લોકોને પ્રશ્ન હોય છે કે અમારી આંખો નબળી છે કે ચશ્માં આવ્યાં છે અથવા આંખનો કોઈ પણ રોગ જેમ કે ગ્લુકોમા કે મોતીયો થયો છે તો અમે આંખ દાન કરી શકીએ કે નહીં? વળી ઘણા લોકો માને છે કે એ પોતે ઘણા વૃદ્ધ છે તો વૃદ્ધ હોવાને કારણે તેમની દૃષ્ટી નબળી પડી ગઈ છે, આ હાલતમાં તે નેત્રદાન કરી શકે કે નહીં? આ મુંઝવણનો જવાબ આપતાં ડૉ. આશીષ બછાવ કહે છે, 'કોઈ પણ ઉમ્મરની વ્યક્તી, કોઈ પણ રોગ ધરાવતી વ્યક્તી કે આંખમાં તકલીફ ધરાવતી વ્યક્તી 'નેત્રદાન' કરી શકે છે. નેત્રદાન માટે જરુર છે ફક્ત વ્યક્તીની ઈચ્છાની અને તેના પરીવારના સભ્યોની મંજુરીની. જે વ્યક્તીને HIV કે કેન્સર જેવી બીમારી હોય તે વ્યક્તી પણ નેત્રદાન કરી શકે છે; કારણ કે નેત્રદાનની મંજુરી જીવીત વ્યક્તી આપે છે અને

તે મરી જાય પછી તેનું 'નેત્રદાન' લેવામાં આવે છે. જ્યારે એ દાન લેવામાં આવે ત્યારે ડૉક્ટર ચેક કરે છે કે તેમની આંખો ઉપયોગમાં આવી શકશે કે નહીં. આમ દાતાએ ફક્ત દાન કરવું જરુરી છે.'

●નેત્રદાનની પ્રક્રીયા●

જે વ્યક્તી નેત્રદાન કરવા ઈચ્છતી હોય તેમણે નજીકની આઈ–બૅન્ક અથવા કોઈ મોટી હૉસ્પીટલ કે આઈ–હૉસ્પીટલમાં જઈને પોતાનું નામ નોંધાવવું જરુરી છે. આ નોંધણીની પ્રોસેસ ખુબ જ સરળ છે. આવી વ્યક્તીને એક ડોનર–કાર્ડ મળે છે, જે તેણે તેની પાસે સાચવવું જરુરી છે. નેત્રદાન કરનારી વ્યક્તીનું મૃત્યુ થાય કે તરત જ તેના સ્નેહીજનોએ હૉસ્પીટલ કે આઈ–બૅન્કવાળાને ફોન કરવો. મૃત્યુના એક કલાકની અન્દર મૃત વ્યક્તીનો કૉર્નીયા કાઢી નાખવામાં આવે એ આદર્શ રીતે યોગ્ય ગણાય છે. બાકી મૃત્યુના 6–8 કલાકની અન્દર પણ કૉર્નીયા કાઢવામાં આવે તો પણ એનો ઉપયોગ થઈ શકે છે.

લેખીકા સમ્પર્ક : jigishadoshi@gmail.com



11

મમ્મીએ દીકરીને આપી કીડની

અનુક્રમણીકા

– હેતા ભુષણ

કાંદીવલીની ઈરાની વાડીમાં રહેતાં પંચાવન વર્ષનાં ઈન્દુબહેન સાગરે પાંચ વર્ષ પહેલાં 2011ની 26 નવેમ્બરે પવઈની હીરાનન્દાની હૉસ્પીટલમાં કીડની–ટ્રાન્સપ્લાન્ટ ઑપરેશનમાં પોતાની કીડની પરીણીત દીકરી પુનમ સલ્લાને આપી તેના જીવનને બચાવ્યું છે.

એક માએ દીકરીને જાણે ફરી જન્મ આપ્યો. લગ્નનાં ત્રણ વર્ષ બાદ પુનમની તબીયત ખરાબ થઈ. સામાન્ય તકલીફ જણાતાં ફૅમીલી–ડૉક્ટરની દવા લીધી. તકલીફ વધતી ગઈ. પુનમ ન બેસી શકે, ન સુઈ શકે. છેવટે હીન્દુજા હૉસ્પીટલમાં નીદાન થયું કે તેની બન્ને કીડની ખરાબ થઈ ગઈ છે. કારણ ખબર જ ન પડી. ઘણી દવાઓ કરવામાં આવી. એક વર્ષ પુનમે ડાયાલીસીસ પર વીતાવ્યું. પછી કીડની–ટ્રાન્સપ્લાન્ટ એક જ વીકલ્પ બચ્યો. બહારથી ડોનર મેળવવાની કોશીશ કરવામાં આવી; પણ ન મળતાં ડૉક્ટરોએ સલાહ આપી ઘરના જ કોઈ કીડની આપો. એ દીવસોને યાદ કરતાં ઈન્દુબહેન કહે છે, ‘મા પોતાના બાળક માટે કંઈ પણ કરવા તૈયાર થઈ જાય. હું પણ દીકરીનું જીવન

બચાવવા અને પુનમની નાનકડી બે વર્ષની દીકરી દીયા નમાયી ન થઈ જાય એ માટે કીડની આપવા તૈયાર થઈ ગઈ.’

ઈન્દુબહેન એક ગોળી લેતાં પણ ડરે. ડૉક્ટર, ઈન્જેક્શન, હૉસ્પીટલથી તેઓ હમ્મેશાં દુર જ રહેવા ઈચ્છે. પોતાની સુવાવડ બાદ પહેલી વાર હૉસ્પીટલમાં દાખલ થયાં. 2011ની 26 નવેમ્બરે ઈન્દુબહેને કીડની ડોનેટ કરીને દીકરીનો જીવ બચાવ્યો. તેઓ કહે છે, ‘મારી દીકરીના સાસરાવાળા અને જમાઈ દીપકકુમારે રાત–દીવસ એક કરી દીકરીનું ધ્યાન રાખ્યું, હજી પણ રોજેરોજ દવા–રીપોર્ટનું ધ્યાન રાખે છે.’

આજે પાંચ વર્ષ બાદ પુનમ એકદમ સ્વસ્થ છે. માએ આપેલી કીડની પર સમ્પુર્ણ સ્વસ્થ જીવન જીવે છે. પંચાવન વર્ષનાં ઈન્દુબહેન સ્કુટર પણ ચલાવે છે, ગાડી ચલાવતાં શીખ્યાં છે. ગરબા રમે છે, ડાન્સ પણ કરી જાણે છે અને આરામથી સ્વસ્થ જીવન જીવી રહ્યાં છે.

ઈન્દુબહેન ખાસ જણાવે છે, ‘હું ખુબ જ ડરપોક હતી… મને અમારા ફૅમીલી ડૉક્ટર–પાડોશી ડૉ. દીલીપ રાઈચુરાએ હીમ્મત આપી. હું એક કીડની પર પાંચ વર્ષથી આરામથી જીવી રહી છું એથી જો જીવનમાં આવી વીકટ પરીસ્થીતી આવે તો ડરવું નહીં. મને કુદરતે ખુબ શક્તી આપી.’

પુનમ કહે છે, 'માતાનું ઋણ તો આમ પણ ન ભુલી શકાય. મમ્મીએ મને ફરી એક વાર જન્મ આપ્યો છે. હું એક કીડની પર આરામથી જીવી રહી છું. મમ્મીના આશીર્વાદ છે.'

લેખીકા સમ્પર્ક : hetabvayeda@gmail.com



12

નવી દૃષ્ટીએ નવી રાહ આપી

અનુક્રમણીકા

–અલ્પા નીર્મલ



વર્ષા વેદ

બે વર્ષના સમ્પુર્ણ અન્ધત્વ પછી નવા કૉર્નીયા મેળવીને વર્ષા વેદ ફુલટાઈમ અકાઉન્ટન્ટમાંથી ચક્ષુદાનનાં ફુલટાઈમ પ્રચારક બની ગયાં છે. 2003થી અનેક જનરલ સરકારી હૉસ્પીટલોમાં તેમના પ્રયત્નોથી આઈ ડોનેશન વીભાગ ફરી કાર્યવન્ત બન્યો છે. એ સાથે જ અનેક ક્લબો, સંસ્થાઓ સાથે જોડાઈ ઠેકઠેકાણે જઈને ચક્ષુદાનનું મહત્ત્વ

સમજાવે છે અને નવો કૉર્નીયા મેળવનારા પેશન્ટ અને તેમના પરીવારનું કાઉન્સેલીંગ કરે છે.

41 વર્ષની ઉમ્મરે ઘાટકોપર–ઈસ્ટમાં રહેતાં વર્ષા વેદની જીન્દગી મસ્ત રીતે સેટ હતી. શીવડીની પ્રાઈવેટ ફર્મમાં ફુલટાઈમ અકાઉન્ટન્ટની જૉબ, 12 અને 14 વર્ષનાં ભણવામાં હોશીયાર દીકરો–દીકરી, ચેસ–કોચનું કામકાજ કરતા લવીંગ હસબન્ડ મહેશ. એક પર્ફેક્ટ હૅપી ફૅમીલી; પણ ધુંધળું દેખાય છે અને બેતાલા આવ્યા હશે એમ સમજીને વર્ષાબહેન આંખના નમ્બર કઢાવવા આઈ–સ્પેશ્યાલીસ્ટ પાસે ગયાં અને ડૉક્ટરનું નીદાન સાંભળીને તેમના પગ તળેથી જમીન સરકી ગઈ. ડૉક્ટરે કહ્યું, ‘ભુતકાળમાં થયેલ કન્જંક્ટીવાઈટીસના વાઈરસને કારણે તેમના કૉર્નીયા સમ્પુર્ણપણે ડૅમેજ થઈ ગયા છે અને બહુ ટુંક સમયમાં તેમને સમ્પુર્ણપણે દેખાતું બંધ થઈ જશે.’

અત્યારે 57 વર્ષનાં થયેલાં વર્ષાબહેન કહે છે, ‘ડૉક્ટરે કહ્યા પછી બહુ થોડા વખતમાં એ દીવસ પણ આવી ગયો કે મને સમ્પુર્ણપણે દેખાતું બંધ થઈ ગયું. નોકરીએ કે બહાર જવાનું તો છોડો, મારા ઘરમાં પણ હું અસહાય બની ગઈ. સ્વાવલમ્બી હોવાને નાતે ગજબનો આત્મવીશ્વાસ હતો એ તુટીને સાવ તળીયે બેસી ગયો. એક મહીનો–બે મહીના હું અને બાળકો સાવ લૉસ્ટ! શું થશે, શું કરવું એની કોઈ સમજ નહોતી પડી રહી. જો કે ડૉક્ટરે બ્લાઈન્ડનેસ આવવાનું નીદાન કર્યું ત્યારે સલાહ આપી હતી કે તમે પરેલની આઈ બૅન્ક કો–ઑર્ડીનેશન ઍન્ડ રીસર્ચ સેન્ટર (EBCR)માં કૉર્નીયા માટે ઍપ્લાય કરી દો.’ અને વર્ષાબહેને એ ઍપ્લીકેશન કરી દીધી હતી. જો કે સાથે એ પણ ખબર હતી કે આપણા શહેરમાં આટલા બધા લોકોને અન્ધત્વ છે, કૉર્નીયાની તકલીફને કારણે જે જોઈ નથી શકતા તેમનું વેઈટીંગ–લીસ્ટ બહુ જ લાંબું છે, સામે આઈ–ડોનેશનની સંખ્યા સાવ નજીવી છે એમાં તેમનો

નમ્બર ક્યાં લાગવાનો! ખેર, છતાં એ આશાના પાતળા કીરણે વર્ષાબહેન ફરી પાછાં બેઠાં થયાં. બાળકો–પતીના સહારે ધીરે–ધીરે ઘરનું કામ કરતાં થયાં. વર્ષાબહેન કહે છે, 'મારા ઘરમાં કોઈ વડીલો તો હતા નહીં; પણ એ સમયે મારાં ટીનેજર સંતાનોએ મારા પેરન્ટ્સની ભુમીકા ભજવી. હાથ પકડીને બધું કામ કરાવે, ચલાવે અને ધીમે–ધીમે દષ્ટી વગર રોજીન્દાં કાર્યોમાં હું સેટ થતી ગઈ. જો કે જીવનમાં આવેલા એ અન્ધકારે મારા અન્તઃચક્ષુ ખોલ્યાં. એ દરમ્યાન મને જોઈ ન શકતા લોકોની માનસીક, શારીરીક પરીસ્થીતીનો ખ્યાલ આવતો ગયો અને મેં નક્કી કર્યું કે જો મને કૉર્નીયા મળી જશે અને હું ફરી દેખતી થઈશ તો આઈ–ડોનેશન કૅમ્પેન મારી બાકી રહેલી લાઈફનું મીશન બની જશે.'

વેલ, કુદરતે પણ તેમના મીશનમાં તેમને સહકાર આપવાનું નક્કી કર્યું હશે એટલે પુરાં બે વર્ષની બ્લાઈન્ડનેસ બાદ 2002માં વર્ષાબહેનની એક આંખમાં કૉર્નીયા ગ્રાફ્ટ થયો અને તરત બીજા વર્ષે બીજી આંખમાં. વર્ષાબહેન કહે છે, 'કોર્નીયા–ગ્રાફ્ટીંગ શી રીતે થાય, એમાં શું ધ્યાન રાખવાનું, આફ્ટર–કૅર શું કરવાનું એની કાંઈ જ ખબર નહોતી. કોઈએ માહીતી પણ નહોતી આપી; પરન્તુ ડૉક્ટરો, નર્સો બધાને પુછતી ગઈ અને તેમની સુચના પ્રમાણે પુરું એક વર્ષ બરાબર ધ્યાન રાખ્યું.'

અને રેગ્યુલર લાઈફ સેટ થતાં વર્ષાબહેન ઑનરરી જોડાઈ ગયાં પરેલની EBCR સાથે અને સૌથી પહેલાં શરુ કર્યું કૉર્નીયા–ગ્રાફ્ટીંગ કરાવનાર પેશન્ટનું કાઉન્સેલીંગ કરવાનું. વર્ષાબહેન કહે છે, 'આ કાર્ય પછી બસ, ગાડી ચાલતી રહી અને મારું ડેડીકેશન જોઈને EBCRના અધીકારીઓ મને મેડીકો લીગલ, મેડીકલ, કાઉન્સેલીંગ જેવા વીષયોનું કામ આપતા ગયા.'

આઈ–ડોનેશન અવેરનેસ કૅમ્પેન પાછળ તેમની ધગશ એવી જોરદાર હતી કે સંસ્થાએ તેમને સૌ પ્રથમ ઘાટકોપરની રાજાવાડીની સરકારી હૉસ્પીટલમાં આઈ–ડોનેશન ડીપાર્ટમેન્ટ સમ્ભાળવાનું કહ્યું. વર્ષાબહેન કહે છે, ‘દરેક જનરલ અને સરકારી હૉસ્પીટલમાં આઈ–ડોનેશન ડીપાર્ટમેન્ટ હોય; પણ અધીકારીઓની નીષ્કાળજી અને બેદરકારીને કારણે એ વીભાગ મોટા ભાગે સુષુપ્ત હોય છે. મેં રાજાવાડી હૉસ્પીટલમાં જવાનું શરુ કર્યું, ત્યારે કોઈ ડૉક્ટર મૃત વ્યક્તીના કુટુમ્બને આઈ–ડોનેશન માટે પ્રેરે તો નહીં જ; પણ જો કોઈ ફૅમીલી તેની આઈ–ડોનેટ કરવા માગતી હોય તો હૉસ્પીટલનો સ્ટાફ મને ફોન કરે અને અડધી રાતે પણ હું ત્યાં જતી. સપ્તાહના સાતેય દીવસ ને 24 કલાક આઈ ઍમ અવેલેબલ. પછી તો ધીરે–ધીરે ડૉક્ટરો, નર્સો અને સ્ટાફ સાથે આત્મીયતા વધી અને મેં ધીમે–ધીમે ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવવાની કોશીશ કરી. શું ધ્યાન રાખવું એ ગાઈડ કર્યું અને 10–11 વર્ષના પ્રયત્ને રાજાવાડી હૉસ્પીટલનો આઈ–ડોનેશન ડીપાર્ટમેન્ટ જાગ્રત થઈ ગયો.’

આ જ પ્રકારની કામગીરી વર્ષાબહેને નાયર હૉસ્પીટલ, KEM હૉસ્પીટલમાં કરીને ત્યાંના નીષ્ક્રીય આઈ–ડોનેશન વીભાગને ચેતનવન્તા કર્યા છે અને હાલમાં તેઓ કુપર હૉસ્પીટલ સાથે સંલગ્ન છે. વર્ષાબહેને આ ગાળામાં અનેક સંસ્થાઓ, ક્લબોનાં આઈ–ડોનેશનનાં કાર્યોમાં જોડાઈને સ્લમ્સમાં અનેક પ્રોગ્રામ્સમાં હજારો લોકોને આઈ–ડોનેશન કરવાની પ્રેરણા આપી છે અને આ ફીલ્ડમાં હોવાથી હવે તેઓ આઈ ઉપરાંત અન્ય ઑર્ગન ડોનેશન કૅમ્પેનમાં પણ જોડાયાં છે.

વર્ષાબહેન કહે છે, 'આંખ ડોનેટ કરવાથી તમે કેટલું પુણ્યનું કામ કરી શકો છો એનો બેસ્ટ એક્ઝામ્પલ મારાથી વીશેષ બીજું શું હોય? દરેક નાનો–મોટો માણસ ભગવાને આપેલા આ રતનને પોતાના મૃત્યુ બાદ કોઈને આપીને એ કૉર્નીયા મેળવનારાના આખા કુટુમ્બનો તારણહાર બની શકે છે. એક વર્ષના બાળકથી લઈને 75 વર્ષના વડીલોની આંખો કોઈને દૃષ્ટી આપી શકે છે. યાદ રાખો કે આપણી એક્સપાયરી ડેટ હોય છે; પણ આંખની એક્સપાયરી ડેટ નથી હોતી.'

લેખીકા સમ્પર્ક : alpanirmal@gmail.com



13

સંજોગો સામે પૉઝીટીવ રહો

અનુક્રમણીકા

–શર્મીષ્ઠા શાહ



જયા શાહ

પાર્લા (ઈસ્ટ)માં રહેતાં 58 વર્ષનાં જયાબહેન શાહે લીવર–ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યાને સાડાત્રણ વર્ષ થઈ ગયાં છે અને એ પહેલાં ત્રણ વર્ષ સુધી તેમણે આ બીમારીનો સામનો કર્યો હતો. જયાબહેનને હેપેટાઈટીસ થયો હતો અને એને કારણે તેમનું લીવર સીત્તેર ટકા જેટલું બગડી ગયું હતું. જયાબહેને સંજોગો સામે લડી લેવાનું નક્કી કર્યું અને એમ જ બીજો થોડો સમય નીકળી ગયો. જયાબહેનને ફરીથી તકલીફ

શરુ થઈ ગઈ. ડૉક્ટરોએ તેમના પેટમાંથી દસ લીટર પાણી કાઢ્યું. આખરે ડૉક્ટરોએ તેમને જણાવ્યું કે હવે ટ્રાન્સપ્લાન્ટ સીવાય કોઈ ઉપાય નથી. મુમ્બઈમાં કૅડેવર લીવર–ટ્રાન્સપ્લાન્ટ થતા નથી. તેથી તેઓ ચેન્નઈની અપોલો હૉસ્પીટલના ડૉક્ટર આનન્દ ખખ્ખર મુમ્બઈમાં આવ્યા ત્યારે તેમને મળ્યાં અને ડૉક્ટરે તેમને ચેન્નઈ બોલાવ્યાં. ત્યાં તેમનું ચેકીંગ થયું અને તેઓ ઑપરેશન માટે ફીટ છે એ નક્કી થયું. તેમણે ત્યાં રજીસ્ટ્રેશન કરાવ્યું. ચેન્નઈમાં બ્રેઈન–ડેડ પેશન્ટનું લીવર મળ્યું એટલે જયાબહેનને છ કલાકની અન્દર ત્યાં પહોંચવા માટે જણાવવામાં આવ્યું અને જયાબહેન ત્યાં પહોંચ્યાં. તેમનું ઑપરેશન પન્દરથી સોળ કલાક સુધી ચાલ્યું અને સફળ રહ્યું.

ઑપરેશન પછી શું કાળજી રાખી? એ પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે ‘દોઢ વર્ષ સુધી સખત કાળજી રાખ્યા બાદ હવે તેઓ નૉર્મલ બન્યાં છે; પરન્તુ અત્યારે પણ કોઈ જાતનું ઈન્ફેક્શન ન લાગે એની કાળજી તેમણે રાખવી પડે છે.’

જયાબહેન અત્યારે એકદમ નૉર્મલ લાઈફ જીવી રહ્યાં છે. તેઓ કહે છે, ‘કોઈ પણ સંજોગોમાં હીમ્મત ન હારવી અને પૉઝીટીવ રહેવું જરુરી છે. નેગેટીવ વીચારોથી દુર રહેવું જોઈએ અને પરીવારનો સહકાર હોય તો ગમે તેટલી મુસીબત સામે ઝઝુમી શકાય છે.’

લેખીકા સમ્પર્ક : scshah8270@gmail.com



14

અન્તીમ ઈચ્છાપત્ર (મરણોત્તર વીલ)

અનુક્રમણીકા

હું ગોવીન્દભાઈ ભાણાભાઈ મારુ, 405, સરગમ કો – ઑપરેટીવ હાઉસીંગ સોસાયટી, કાશી બાગ, નવસારી કૃષી યુનીવર્સીટીના પ્રથમ ગેટ સામે, વીજલપોર. પોસ્ટ : એરુ એગ્રી. કોલેજ – 396 450 જીલ્લો : નવસારી ખાતે કાયમી વસવાટ કરું છું. હું રૅશનલજીવન જીવતો આવ્યો છું અને હજીયે વધુ રૅશનલજીવન જીવવાનો પ્રયાસ કરી રહ્યો છું. તે બાબતથી મારો પરીવાર, સગાં–સમ્બન્ધી, સમાજ અને મીત્રો વાકેફ છે. તેથી મારા અવસાન બાદ મારી આ વીચારસરણી વીરુદ્ધનું કાંઈ પણ ન કરવામાં આવે તેવી મારી તીવ્ર ઈચ્છા અને મારો મક્કમ નીર્ધાર છે. મારી વય 57(આજે 64) વર્ષની છે. મારાં પત્ની મણીબહેન મારી સાથે ઉપરોક્ત સરનામે વસવાટ કરે છે. મારો મોટો પુત્ર પવન તેમ જ પુત્રવધુ સંઘમીત્રા અમેરીકામાં નોકરી અર્થે હંગામી વસવાટ કરે છે. નાનો પુત્ર મયુર તેમ જ પુત્રવધુ વીરલ નવી મુમ્બઈ (મહારાષ્ટ્ર)માં નોકરી અર્થે હંગામી વસવાટ કરે છે. મારું સ્વાસ્થ્ય એકંદરે ખુબ જ સારું હોવા છતાં; ગમે

ત્યારે અચાનક કુદરતી કે અકુદરતી મૃત્યુ થાય તે સ્વાભાવીક છે. એ હકીકતને લક્ષમાં લેતાં હું મારા થનાર મૃત્યુના અન્તીમ દીવસો અને અન્તીમક્રીયા બાબતમાં મારી ઈચ્છાઓ આ વીલ–પત્ર દ્વારા સ્પષ્ટપણે જાહેર કરી રહ્યો છું. કોઈ પણ વ્યક્તીનો આગ્રહ કે દાબ–દબાણ કે દરમ્યાનગીરીને કારણે આ વસીયતના અમલમાં જરા સરખી પણ બાંધછોડ કે છુટછાટ ન લેવાની મક્કમ સુચના, હું મારા ઉત્તરાધીકારોને કરું છુ.

આપણે જીવતા હોઈએ ત્યારે સમાજની સેવા કરીએ તે પ્રશન્સનીય છે. પણ મૃત્યુબાદ આપણું શરીર, મેડીકલના અભ્યાસ કરતા વીદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉપયોગી થાય; શરીરની રચના અને તેમાં થતા વીવીધ પ્રકારના રોગો અંગે નવા સંશોધનો દ્વારા નવી દીશા મળે તે માટે દેહદાન કરવું જરુરી છે. ઉપરાંત 'બ્રેઈન–ડેડ' થયા બાદ જો તુરત જ મૃતકના કેટલાક અન્ગો કાઢી લઈ જરુરીયાત વાળી વ્યક્તીઓના શરીરમાં આ અંગોનું પ્રત્યારોપણ કરવામાં આવે તો તેવી વ્યકતીઓને નવજીવન પ્રાપ્ત થાય છે. આમ મારા મૃત્યુ બાદ પણ મારા શરીરના અંગો કે મારો દેહ સમાજને ઉપયોગી થાય તેવી મારી અન્તીમ ઈચ્છા છે. મારી જીન્દગીના છેલ્લા દીવસોમાં કોઈ અકસ્માતથી અથવા અસાધ્ય બીમારીથી અથવા કુદરતી રીતે જો લાંબા સમય સુધી હું બેભાન અવસ્થા (કોમા)માં ચાલ્યો જાઉં,

કશો નીર્ણય કરવા સક્ષમ ન રહું અને ડૉક્ટરો મારા મગજને મૃત(બ્રેઈન–ડેડ) જાહેર કરે ત્યારે, મારા પુત્રો તેમ જ આ વીલ–પત્રના અંતે જણાવેલ મારા મીત્રો શ્રી. નરેશભાઈ આર. દેસાઈ અને શ્રી. શૈલેષભાઈ કનૈયાલાલ દવેએ નીષ્ણાત ડૉક્ટરો સાથે સલાહ–મસલત કરીને, (જો મારા પુત્રો *હાજર ન હોય તો* શ્રી. દેસાઈ અને શ્રી. દવેએ યોગ્ય ડૉક્ટરો સાથે સલાહ–મસલત કરી તેઓ જે નીર્ણય કરે તે મુજબ) મારાં ચક્ષુ, કીડની, લીવર, ત્વચા કે શરીરનું કોઈ પણ અંગ, જરુરીયાતવાળા દરદીને મળી શકે એ માટે વીશ્વાસપાત્ર હૉસ્પીટલ, સંસ્થા અને ડૉક્ટરોનો સંપર્ક કરી દાન કરી દેવાં. જરુર જણાય તેવા સંજોગોમાં મારું મગજ (બ્રેઈન)ને પણ કોઈ સંશોધન કે યોગ્ય ઉપયોગ માટે મારા મૃતદેહમાંથી કાઢી લેવાની મારી ઈચ્છા પ્રગટ કરું છું. તેમને આ કાર્યમાં કોઈએ અવરોધ ઉભો કરવો નહીં; બલકે તેઓને સહકાર આપવો. કોઈ પણ સંજોગોમાં મારા શરીરનાં અંગોનું દાન શક્ય ના હોય અને દેહદાન પણ શક્ય ના બને તો મારા શરીરને યોગ્ય ઉંડાઈનો ખાડો ખોદીને દાટી દેવો. પર્યાવરણનું જતન કરવા માટે કોઈ પણ સંજોગોમાં તેને અગ્નીદાહ ના આપવાની મારી સ્પષ્ટ સુચના છે.

હું જીવનભર સુધારક વીચારનો અને વીવેકબુદ્ધીવાદી રહ્યો છું. માનવ પ્રત્યે સમ્વેદનાસભર હૈયું અને માનવ સાથે તેવો

વ્યવહાર એ જ ધર્મ. એવા માનવધર્મ સીવાય અન્ય કોઈ ધર્મ પરત્વે મને લગાવ નથી. તેથી મારી સુચના છે કે–

મારા મરણની ઘડીએ મોંમાં ગંગાજળ, તુલસીપત્ર, સુખડ–સુવર્ણ મુકવાની કે એવી કોઈ ક્રીયા કરવી નહીં કે મારા કાનમાં શ્લોક કે કોઈ ધાર્મીક પઠન કરવું નહીં કે પ્રાણપોક મુકવી નહીં. મારા મરણ પછી મારી પાછળ કોઈ પણ પ્રકારના ક્રીયાકાંડો, ઉત્તરક્રીયા, અસ્થીવીસર્જન, તર્પણ, શ્રાદ્ધ, દાન, પુણ્ય કે પારાયણ, વરસી કે એવો કશો પણ નીરર્થક વીધી કરવાની હું ચોક્કસ પણે મનાઈ કરું છું. ઉઠમણું, બેસણું, બારમું–તેરમું, મોં ઢાંકવું, સોગ(શોક) ભાંગવો, મટન–મીષ્ટાન્ન મોઢે કરવું કે એવું અને હજુ પણ આ પત્રમાં જેનો સમાવેશ કરવાનું રહી ગયું હોય એવું, તથા સામાજીક કોઈ પણ ક્રીયા, રીત–રસમ તેમ જ મારી વીચારસરણીથી વીરુદ્ધનું હોય એવું, કંઈ પણ કરવાની મારી ચોખ્ખી મનાઈ છે. જો આપ મને ખરેખર ચાહતા હો તો હું વીનન્તી કરું છું કે આ પત્રમાં મેં વ્યક્ત કરેલી મારી ઈચ્છા પરીપુર્ણ થાય તેવું જ કરશો અને બીજું કોઈ તેમ થવા દેવામાં આડખીલી ઉભી કરે તો કડકપણે તેને તેમ કરતા અટકાવવા વીનન્તી છે.

પ્રાધ્યાપકશ્રી, એનોટોમી વીભાગ, સુરત મ્યુનીસીપલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, 'સ્મીમેર'

હૉસ્પીટલ, બોમ્બે માર્કેટની સામે ઉમરવાડા, સુરત તરફથી મૃતદેહનું દેહદાન નોંધણી નંબર : 05, તારીખ : 18/10/2011થી મારા મૃતદેહનો સન્કલ્પ પત્ર સ્વીકાર કરવામાં આવેલ છે. જેથી મારા મૃત્યુની જાણ જેને પણ સૌથી પહેલી થાય તેણે તેની ખબર તાબડતોબ મારા બે મીત્રો શ્રી દેસાઈ અને શ્રી દવેને કરવી અને મારા મૃત્યુના છ(06) કલાકમાં પ્રાધ્યાપકશ્રી, એનોટોમી વીભાગ, ‘સ્મીમેર’ હૉસ્પીટલ, સુરતને મૃતદેહ પહોંચાડવા વીનન્તી છે.

મારા આ અન્તીમ ઈચ્છાપત્ર (મરણોત્તર વીલ) મારફત હું સમ્પુર્ણ સત્તા આપી જણાવું છું કે, નીચે જણાવેલી વ્યક્તીઓ મારા અંગત મીત્ર, શુભચીન્તક તથા ભરોસાપાત્ર હોઈ, તેઓ મારા આ અન્તીમ વીલની રુએ ફકરા નં. 02માં જણાવેલ સંજોગોમાં મારા શરીરના અંગોનું દાન અથવા દેહદાન કરવાની તમામ કાર્યવાહી કરવા હકદાર રહેશે.

[1] શ્રી. નરેશભાઈ આર. દેસાઈ, સેલફોન : 99989 49817, 102, સુગમ કો– ઑપરેટીવ હાઉસીંગ સોસાયટી, કાશી બાગ, નવસારી કૃષી યુનીવર્સીટીના પ્રથમ ગેટ સામે, વીજલપોર. પોસ્ટ : એરુ એ. સી. પીનકૉડ : 396 450.

[2] શ્રી. શૈલેષભાઈ કનૈયાલાલ દવે, સેલફોન : 98980 28400, ફોન : (02637) 234 5678 કાશીબાગ

સોસાયટી, નવસારી કૃષી યુનીવર્સીટીના પ્રથમ ગેટ સામે, વીજલપોર, પોસ્ટ : એરુ એ. સી. પીનકૉડ : 396 450.

મારા આ અન્તીમ ઈચ્છાપત્ર (મરણોત્તર વીલ)ની મુળ નકલ તેમજ 'દેહદાન' નોંધણી નમ્બર : 05, તારીખ : 18/10/2011ની અસલ પહોંચ શ્રી. દેસાઈ અને દવે પાસે છે. સંજોગોવશાત્ તે હાથવગી ન હોય તો તેની ફોટોકૉપી મારાં માતુશ્રી, પત્ની, પુત્રો–પુત્રવધુઓ, બહેન–બનેવી, વેવાઈઓ, મારા શ્વસુરપક્ષ, શ્રી. રોહીદાસ વંશી સોરઠીયા સમાજ, નવસારીના પદાધીકારીઓ તથા મને યોગ્ય જણાઈ તેવી વ્યક્તીઓને, અગાઉથી, નીચે મારી અસલ સહી કરીને તેમની જાણ માટે આપી રાખી છે. કોઈને પણ આપેલી મારી અસલ સહીવાળી અન્તીમ વીલની નકલ અધીકૃત ગણી તેનો અમલ કરવાને તે પાત્ર ગણાશે.

આ અન્તીમ ઈચ્છાપત્ર (મરણોત્તર વીલ) મેં મારી ઈચ્છાથી, સ્વસ્થ ચીત્તે, બીનકેફી હાલતમાં અને કોઈના પણ દાબદબાણ કે કોઈ પણ પ્રકારના પ્રલોભન વગર કર્યું છે.

નવસારી. સહી/- ------------

તારીખ : 21મી ઓક્ટોબર, 2011 (ગોવીન્દભાઈ ભાણાભાઈ મારુ)

સાક્ષીની સહી/– ______________________

શ્રી. સુરેશભાઈ શાન્તીલાલ દેસાઈ

સરનામું : 28/બી, અલકા હાઉસીન્ગ

સોસોસાયટી, છાપરા રોડ, નવસારી.

સાક્ષીની સહી/– ____________________

શ્રી. ભુપેન્દ્રભાઈ ઝવેરભાઈ પટેલ

સરનામું : 102, શીવ કૃપા હાઉસીન્ગ

સોસોસાયટી, ગડકરી માર્ગ,

નવસારી.



BEFOR ME
Sd/-
TUSHAR CHANRAKANT SULE
ADVOCATE & NOTARY
21 OCT 2011

SERIAL NO 221/2011
CETIFICATE REG. NO. 751
GOVERNMENT OF GUJARAT
INDIA











15

સાડા ત્રણ વર્ષની દીઝા અને 'અંગદાન'

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



સુરતના શ્રી. ઉર્વીશભાઈ ગોળવાળા અને તેમના પત્ની વીશ્વાબહેનની સાડા ત્રણ વર્ષની દીકરી દીઝાને 10 માર્ચ, 2017ને શુક્રવારે સવારે ઉલટી થઈ ખેંચ આવી હતી. તેના મગજમાં પાણીના ભરાવાને કારણે નાના મગજને ભારે નુકશાન થયું હોવાથી ન્યુરોસર્જને દીઝાને બ્રેન–ડેડ જાહેર કરી હતી. ડોનેટ લાઈફ, સુરતને તેની જાણ

થતાં જ પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને તેમની ટીમે દીઝાના પીતા ઉર્વીશભાઈ, માતુશ્રી વીશ્વાબહેન તથા ઉપસ્થીત પરીવારજનોને ‘અંગદાન’ અંગેની જાણકારી આપી, તેનું મહત્ત્વ સમજાવ્યું. દીઝાના જાગૃત માતા–પીતાએ મનોબળ મજબુત કરીને, પોતાની એકનીએક લાડકવાયી દીકરીના અંગોનું દાન કરવાનો કપરો નીર્ણય લઈ, ‘અંગદાન’ કરવાની સમ્મતી આપી હતી.

અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઑફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર(IKDRC)ના ડો. વીકાસ પટેલ અને તેમની ટીમે સુરત આવીને કીડની અને લીવરનું દાન સ્વીકાર્યું તથા લોકદ્રષ્ટી ચક્ષુબેંક, સુરતના ડૉ. પ્રફુલ શીરોયાએ ‘નેત્રદાન’ સ્વીકાર્યું હતું.

દાનમાં મળેલી એક કીડની પોરબન્દરના ગોકુલેશ મોહનભાઈ ઓડેદરા(ઉ.વ. 8), બીજી કીડની અમદાવાદની રીતીકા કમલેશભાઈ દેસાઈ(ઉ.વ. 6)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવર વીસનગરના શ્રેય પટેલ(ઉ.વ. 5)માં ટ્રાન્સપ્લાન્ટ કરીને આ ત્રણેય બાળકોને નવજીવન અને અન્ય બે વ્યક્તીઓને રોશની પ્રાપ્ત થઈ હતી.



16

હળપતી પરીવાર અને ‘અંગદાન’

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



તા. 8 જુલાઈના રોજ અમીત રમણભાઈ હળપતી (ઉ.વ. 21) પોતાના ગામ ખાપરીયાથી બીલીમોરા બાઈક ઉપર પસાર થતો હતો. ચાંગા ગામ પાસે તેને અકસ્માત થવાથી અમીત બાઈક ઉપરથી નીચે પડી ગયો. તેમનાં માથામાં ગંભીર ઈજાઓ થવાથી અમીતભાઈ બેભાન થઈ ગયો. તેમને તાત્કાલીક 108 એમ્બ્યુલન્સમાં ખારેલના ‘ગ્રામ સેવા

ટ્રસ્ટ સંચાલીત સાર્વજનીક હૉસ્પીટલ'માં દાખલ કર્યો. ત્યાં પ્રાથમીક સારવાર આપવામાં આવી; પરન્તુ વધુ સારવારની જરુર જણાતાં સુરત નવી સીવીલ હોસ્પીટલમાં ડૉ. જીગ્નેશ શાહ અને ડૉ. મેહુલ મોદીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ ક્રેનીયોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો. તા. 12 જુલાઈ, બુધવારે ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ અમીતભાઈને બ્રેન–ડેડ જાહેર કર્યો.

'ડોનેટ લાઈફ', સુરતને જાણ થતાં પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને તેમની ટીમે ICU ના રેસીડન્ટ ડૉ. નીલેશ કાછડીયા સાથે રહીને અમીતભાઈના માતૃશ્રી ઉકીબેન, ભાઈ અજયભાઈ, બનેવી રાકેશભાઈ અને ઉપસ્થીત ગ્રામજનોને 'અંગદાન' અંગેની જાણકારી આપી, તેનું મહત્ત્વ સમજાવ્યું. અમીતના માતૃશ્રી ઉકીબેન તથા સ્વજનોએ જણાવ્યું કે, 'અમે ગરીબ પરીવારના છીએ. જીવનમાં બીજું કંઈ દાન કરી શકીએ તેમ નથી. જેથી અમારા બ્રેઈન–ડેડ સ્વજનના અંગોનું દાન કરીને ચાર–પાંચ વ્યક્તીને નવું જીવન મળતું હોય તો 'અંગદાન' કરવા સમ્મતી આપી.' 'અંગદાન' કરવાની સમ્મતી આપીને એક ગરીબ પરીવારે, સુશીક્ષીત સમાજને નવી દીશા બતાવી માનવતાની મહેક પ્રસારી હતી.

અમદાવાદની સીમ્સ હોસ્પીટલના ડૉ. ધવલ નાયક અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું. કીડની, લીવર અને પેન્ક્રીઆસનું દાન અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર(IKDRC)ના ડો. જમાલ રીઝવી અને તેમની ટીમે સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન નવી સીવીલ હોસ્પીટલ, સુરતના ડૉક્ટરોએ સ્વીકાર્યું.

દાનમાં પ્રાપ્ત થયેલું હૃદય આણંદના સોહેલ વહોરા (ઉ.વ. 36)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. એક કીડની અને પેન્ક્રીઆસ અમદાવાદની રીતીકા નીલેશ ભટ્ટ (ઉ.વ. 42) અને બીજી કીડની ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશના હીતેશ ગોયલ (ઉ.વ. 49)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી. જયારે લીવર સુરતના ભૌતીક કીશોરભાઈ પટેલ (ઉ.વ. 36)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.


અમીતનું હૃદય સોહેલ વહોરામાં ધબકે છે.
અમીતના સ્વજનોની મુલાકાતે સોહેલ.

17

રંગારા ગુલાબચંદ અને ‘અંગદાન’

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



સુરતના ડીંડોલીમાં રહીને ગુલાબચંદ નોખું મલ્લા કલરકામ કરી પરીવારનું ગુજરાન ચલાવી રહ્યાં હતાં. 22 જુલાઈ, 2018ના રોજ ગુલાબચંદ સાંજે 6.00 કલાકે ત્રીજા માળેથી નીચે પડી જતા માથામાં ગમ્ભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયા હતાં. તેમને તાત્કાલીક 108 એમ્બ્યુલન્સમાં સુરતની નવી સીવીલ

હોસ્પીટલમાં સર્જીકલ વીભાગ–5ના વડા ડૉ. સંદીપ કંસલે સારવાર શરુ કરી હતી.

તા. 26 જુલાઈના રોજ ડૉ. સંદીપ કંસલ તેમ જ ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ ગુલાબચંદને બ્રેઈન–ડેડ જાહેર કર્યાં. ‘ડોનેટ લાઈફ’ને ખબર મળતાં જ તેના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને તેમની ટીમે ગુલાબચંદના પત્ની રમાવત, પીતાજી નોખું તેમજ પરીવારના અન્ય સભ્યોને ‘અંગદાન’ની જાણકારી આપી, ‘અંગદાન’નું મહત્ત્વ સમજાવ્યું.

પરીવારના સભ્યોએ જણાવ્યું કે, ‘લગભગ દસેક વર્ષ પહેલા રેલ્વે અકસ્માતમાં ગુલાબચંદનો એક પગ કપાઈ ગયો હતો. તેથી શરીરનું એક અંગ ન હોવાની પીડા અમે સમજીએ છીએ. અમારું સ્વજનનું બ્રેઈન–ડેડ થવાથી તેનું મૃત્યુ નીશ્ચીત જ છે. ત્યારે તેના અંગોનું દાન થકી કોઈના લાડકવાયાને નવજીવન મળતું હોય તો ‘અંગદાન’ કરવા અમે સમ્મત છીએ. આમ, બ્રેઈન–ડેડ ગુલાબચંદ નોખું મલ્લાના પરીવારે કીડનીઓનું દાન કરીને માનવતાની મહેક પ્રસરાવી હતી.

દાનમાં મળેલ કીડનીમાંથી એક કીડની ભાવનગરના રહેવાસી રાકેશ હીમ્મતભાઈ ધાપા (ઉ.વ. 26)ને નવજીવન આપ્યું.

18

એક કુટુમ્બની સાચી શ્રદ્ધાંજલી

અનુક્રમણીકા



મુળ અમરેલીનાં દીતલા ગામનો હીરપરા પરીવાર સુરત–સરથાણામાં સ્થાયી થઈને ટેક્સટાઈલ અને એજ્યુકેશન સાથે સંકળાયો છે. આ હીરપરા પરીવારનાં 63 વર્ષના વડીલ કનુભાઈ કરમશીભાઈનું કુદરતી અવસાન થતાં તેમનું ‘દેહદાન’ કરવામાં આવ્યું. વડીલની ઉત્તરક્રીયા પ્રસંગે સુરત, અમરેલી, અમદાવાદથી આવેલા કુટુમ્બીજનોમાંથી 22 મહીલાઓ સહીત 63 સભ્યોએ ‘દેહદાન’ કરવાનો સંકલ્પ લીધો હતો. પરીવારનાં 63 સભ્યોએ રક્તદાન કરી, વડીલને શ્રદ્ધાંજલી અર્પણ કરીન, સમાજને નવી દીશા બતાવતી અનોખી પહેલ કરી છે.

સૌથી મોટું દાન ‘દેહદાન’

આપણે ત્યાં ઘણાં બધા સંકલ્પો લેવાય છે, ઘણી પરમ્પરાનું અનુસરણ થઈ રહ્યું છે; પરન્તુ ‘અંગદાન’ કે ‘દેહદાન’નાં સંકલ્પો કે પરમ્પરા ખુબ જુજ જોવા મળે છે. અમારા વડીલના અવસાન બાદ તેમના દેહદાન માટે સંસ્થાઓએ સમજાવ્યું ત્યારે સમજાયું કે, જીવનમાં સૌથી મોટુ કોઈ દાન હોય તો તે ‘દેહદાન’ અને ‘અંગદાન’ છે. તમારા અંગોથી કોઈ વ્યકીતને જો નવજીવન મળતું હોય, તો એ તમારા જીવનની સૌથી મોટી કમાણી છે. મેડીકલના વીદ્યાર્થીઓને શરીરની રચના સમજવા માટે પરીવારના સભ્યોએ ‘દેહદાન’ માટે સંકલ્પ લઈ સહમતી આપી છે.

– દીલીપકુમાર હીરપરા,

દેહદાતા



શરીરનાં અંગોની ફેક્ટરી નથી

પૈસાથી બધી જ સવલતો ખરીદી શકાય છે; પરન્તુ અંગ ખરાબ થાય તો નવું લગાડી શકાતું નથી. કારણ કે, બજારમાં શરીરનાં અંગોનું ઉત્પાદન કરતી કોઈ ફેક્ટરી નથી. મૃત્યુ બાદ શરીરનું કોઈ મહત્ત્વ નથી. ‘અંગદાન’ થકી કોઈ વ્યકીતને નવું જીવન આપવું એ જ મહાદાન છે.

–રજનીકાંત હીરપરા,

દેહદાતા

સ્રોત : તા. 6 ઓગસ્ટ, 2018ના ‘દીવ્ય ભાસ્કર’ દૈનીકના પેજ નમ્બર 2 ઉપરથી ટુંકાવીને.. ‘દીવ્ય ભાસ્કર’ના સૌજન્યથી સાભાર...



19

પ્રા. નટવર પટેલ અને ‘અંગદાન’

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



નવસારીની બાગાયત પોલીટેકનીકના માજી પ્રીન્સીપાલ અને ઉત્તરાવસ્થામાં અસ્પી બાગાયત –વ– વનીય મહાવીદ્યાલયના નીવૃત્ત પ્રો. નટવરભાઈ પટેલ પોતાના રોજીન્દા ક્રમ પ્રમાણે તા. 19 જાન્યુઆરી, 2017ના રોજ સાંજે 6.00 કલાકે વૉક પર ગયા હતા. તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે સાંજે 7.00 કલાકે એક

કારચાલકે તેમને ટક્કર મારતાં માથામાં ગમ્ભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલીક નવસારીની કે. ડી. એન. હૉસ્પીટલમાં દાખલ કર્યાં હતા. ત્યાં તેમનાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું અને બ્રેઈન હેમરેજ થયાનું નીદાન થયું. વધુ સારવારની જરુર જણાતાં એ જ રાતે એપલ હૉસ્પીટલ, સુરતમાં ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈનની સારવાર હેઠળ દાખલ કર્યાં.

તા. 21 જાન્યુઆરી, 2017ના રોજ ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈન, ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીઝીશીયન ડૉ. પરેશ ઝાંઝમેરાએ તેમને બ્રેઈન–ડેડ જાહેર કર્યાં હતા. ‘ડોનેટ લાઈફ’, સુરતને જાણ થતાં જ પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા અને તેમની ટીમે નટવરભાઈના પત્ની રમીલાબહેન પુત્ર કીંજલ, ભત્રીજા મીહીર અને ઉપસ્થીત પરીવારના સભ્યોને ‘અંગદાન’ અંગેની જાણકારી આપી, તેનું મહત્ત્વ સમજાવ્યું. પરીવારના સૌ સભ્યોએ નક્કી કર્યું કે, અમારું સ્વજન બ્રેઈન–ડેડ છે અને મૃત્યુ નીશ્ચીત જ છે, ત્યારે તેમના અંગો બળીને રાખ થઈ જાય તેના કરતાં કીડની અને લીવર ફેલ થઈ ગયા હોય તેવા દરદીઓને નવજીવન મળતું હોય તો નટવરભાઈના ‘અંગદાન’ કરવાની સમ્મતી આપી હતી.

લોકદ્રષ્ટી ચક્ષુબેંક, સુરતના ડૉ. પ્રફુલ શીરોયાએ ‘નેત્રદાન’ સ્વીકાર્યું હતું.

અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઑફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરના ડૉ. સુરેશકુમાર અને તેમની ટીમે બે કીડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું. IKDRCના ડૉ. જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે લીવર અને બન્ને કીડનીનું સફળ ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદમાં કર્યું હતું.

દાનમાં મળેલી કીડની પંચમહાલના અમીતકુમાર સોમાલાલ શ્રીમાળી (ઉ.વ. 29) અને કચ્છના નીમેશ કીશોરચન્દ્ર મહેતા (ઉ.વ. 29)ને તેમ જ લીવર છોટાઉદેપુરના હરકીશન અશોકભાઈ મોદી (ઉ.વ. 48)માં ટ્રાન્સપ્લાન્ટ કરીને આ ત્રણેય વ્યક્તીઓને નવજીવન અને અન્ય બે વ્યક્તીઓને રોશની પ્રાપ્ત થઈ હતી.



20

બ્રેઈન–ડેડ વીદ્યાર્થી અને 'અંગદાન'

અનુક્રમણીકા

–ગોવીન્દ મારુ



સુરતના ભેંસાણનો ધવલ નરેશભાઈ પટેલ (ઉ.વ. 20) મજુરાગેટની આઈટીઆઈનાં પહેલાં વર્ષમાં અભ્યાસ કરતો હતો. તા. 2 ઓગસ્ટ, 2018ની બપોરે ધવલ આઈટીઆઈમાંથી ઘરે જવા બાઈક પર નીકળ્યો ત્યારે સરદાર બ્રીજના ટર્નીંગ પાસે અન્ય બાઈકસવાર સાથે અકસ્માત થયો અને તે બેભાન થઈ જતાં પ્રમુખ સ્વામી હૉસ્પીટલમાં

દાખલ કર્યો હતો. તા. 2 ઓગસ્ટે ન્યુરોસર્જન ડૉ. રોશન પટેલ અને ડૉ. પરાગ પંડ્યાએ ધવલને બ્રેઈન–ડેડ જાહેર કર્યો.

'ડોનેટ લાઈફ'ના પ્રમુખ નીલેશ માંડલેવાલા અને તેમની ટીમે ધવલના માતુશ્રી હંસાબહેન, દાદા પીયુષભાઈ તેમ જ પરીવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની માહીતી આપી તેનું મહત્ત્વ સમજાવ્યું. હૉસ્પીટલમાં હાજર પરીવારજનોએ તેમના લાડકવાયાના 'અંગદાન' થકી કોઈના લાડકવાયાને નવજીવન મળતું હોય તો ધવલના અંગોનું દાન કરવાનો નીર્ણય લઈને સમ્મતી આપી.

પરીવારની સમ્મતી મળતાં જ 'ડોનેટ લાઈફે' જરુરી સમ્પર્ક અને કાર્યવાહી શરુ કરી. ગુજરાતની હૉસ્પીટલોમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટે કોઈ દર્દી ન મળતા, ગુજરાતના ટ્રાન્સપોર્ટ ઑથોરાઈઝેશન કમીટીના ચેરમેનનો સમ્પર્ક કર્યો. ROTTO મુમ્બઈ મારફતે મુમ્બઈની ફોર્ટીસ હોસ્પીટલે હૃદય સ્વીકાર્યું. અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઑફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર(IKDRC)ની ટીમે કીડની, લીવર અને પેન્ક્રીઆસનું દાન સ્વીકાર્યું. જયારે લોકદ્રષ્ટી ચક્ષુબેંક, સુરતના ડૉ. પ્રફુલ શીરોયાએ 'નેત્રદાન' સ્વીકાર્યું હતું.

પ્રમુખ સ્વામી હૉસ્પીટલ, સુરતથી મુમ્બઈની ફોર્ટીસ હોસ્પીટલ સુધીનું 277 કી.મી.નું અંતર 109 મીનીટમાં કાપીને દાનમાં પ્રાપ્ત થયેલું હૃદય મુમ્બઈના મહાદેવ પટેલ(ઉ.વ. 54)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

દાનમાં પ્રાપ્ત થયેલી કીડનીઓ પૈકી એક કીડની ધંધુકાના નીતાબેન મકવાણા(ઉ.વ. 38)માં અને બીજી કીડની અમદાવાદના રીનાબેન વ્રજેશભાઈ ચોક્સી(ઉ.વ. 42)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેમ જ લીવર અને પેનક્રીઆસ રીસર્ચ માટે રાખવામાં આવ્યા છે.

સુરત અને દક્ષીણ ગુજરાતમાંથી 5 ઓગસ્ટ, 2018 સુધીમાં બ્રેઈન–ડેડ વ્યક્તીઓના પરીવારજનોને 'ડોનેટ લાઈફ', સુરતે 'અંગદાન' અંગે માર્ગદર્શન અને તેનું મહત્ત્વ સમજાવીને ભારતભરમાં અને વૈશ્વીકસ્તરે 624 (છસ્સો ચોવીસ) દરદીઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

લાભાર્થીઓની સંખ્યા	'ડોનેટ લાઈફ', સુરતને દાનમાં મળેલ અંગો				
	કીડની	યકૃત	હૃદય	સ્વાદુપીંડ	આંખ
624	269	108	18	06	226



અમારાં પ્રકાશનો

અનુક્રમણીકા

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 10 ઓગસ્ટ, 2018 સુધીમાં નીચે મુજબની 27 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1.	'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી' – ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)
2.	'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી' – ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)
3.	'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી' – ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)
4.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત)
5.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલમુદ્દાઓ તારવી કાઢીને 'વીવેકવીજય' ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – 'વીવેકવીજય' (પાનાં : 131;

	મુલ્ય : મફ્ત)
6.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દની ખોજ’ (પાનાં : 53; મુલ્ય : મફ્ત)
7.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘ટીન–એજ’માં બોયફ્રેન્ડથી સાવધાન’ (પાનાં : 51; મુલ્ય : મફ્ત)
8.	‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહના 25 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 04 ‘અધ્યાત્મના આટાપાટા’ (પાનાં: 111; મુલ્ય : મફ્ત)
9.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘આનન્દનું આકાશ’ (પાનાં : 116; મુલ્ય : મફ્ત)
10.	પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફ્ત)
11.	આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુ:ખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફ્ત)
12.	‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 05 ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફ્ત)
13.	‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 06 ‘સત્યસન્દુક’ (પાનાં : 110)
14.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફ્ત)

15.	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘જીન્દગી કઈ રીતે જીવશો ?’ (પાનાં : 75; મુલ્ય : મફત)
16	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 07 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફત)
17	અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. બી. એમ. દવે (જેલ ખાતાના નીવૃત્ત પ્રશાસક અને લેખક)ના 08 લેખોની ઈ.બુક ‘ભ્રમ ભાંગ્યા પછી...’ (પાનાં : 90; મુલ્ય : મફત)
18	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 09 ‘કીતની હકીકત, કીતના ફસાના ?’ (પાનાં : 72; મુલ્ય : મફત)
19	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 10 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ’ (પાનાં : 93; મુલ્ય : મફત)
20	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. રમેશ સવાણીના 14 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 11 ‘દેતે હૈં ભગવાન કો ધોખા’ (પાનાં : 136; મુલ્ય : મફત)
21	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 12 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–2’ (પાનાં : 110; મુલ્ય : મફત)
22	‘અભીવ્યક્તી’ બ્લૉગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’ – ઈ.બુક – 13 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–3’ (પાનાં : 122; મુલ્ય : મફત)

23	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સંતાનોમાં સંસ્કારસીંચન’ (પાનાં : 95; મુલ્ય : મફત)
24	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘મૃત્યુમીમાંસા’ (પાનાં : 34; મુલ્ય : મફત)
25	શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘જીપ્સીની ડાયરી’–‘એક સૈનીકની નોંધપોથી’ (પાનાં : 112; મુલ્ય : મફત)
26	તત્વીજ્ઞાન–મનોવીજ્ઞાનના આજીવન અભ્યાસી ડૉ. બી. એ. પરીખની ઈ.બુક ‘મન્ત્ર–યન્ત્ર–તન્ત્રનું અવીજ્ઞાન’ (પાનાં : 101; મુલ્ય : મફત)
27	‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા ‘અંગદાન’ના લેખોની ઈ.બુક ‘અંગદાનથી નવજીવન’ (પાનાં : 102; મુલ્ય : મફત)

મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

નવસારી કૃષી યુનીવર્સીટી સામે,

વીજલપોર. જીલ્લો : નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in

સમાપ્ત

અનુક્રમણીકા